સુવિચાર
જીવનમાં જે કંઈ પરિસ્થિતિ આવે એને હસતે મોંએ સ્વીકારીને કહેવું જોઈએ કે આપણાં પર પડ્યું છે તે ચાલશે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૫/૧૦/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ આસો વદ-૯ વર્ષ : ૧૫ અંક : ૨૬૬

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

ડેસ્ટિનેશન વેડીંગ કરો ગુજરાત ના સૌથી મોટા રિસોર્ટ માં સાસણ ગીર
૭૭ વીઘાં નો રીસોર્ટ
• ૧૦૦ રૂમ
• રેન ડાન્સ એરિયા
• વેડિંગ હોલ
• પૂલ સાઈડ વેડિંગ
• પાર્ટી પ્લોટ
• રિસોર્ટ ની બધી એમિનીટીઝ
માત્ર રૂ. 4,99,000 માં
300 મેમ્બર્સ માટે
GreenWoods
Lords
Call:+91 9898 1212 17, +91 97371 43311
Vishal Lords Inn Gir Forest, Near Madhubanti Dam, Malanka Gir

## ગામનાં વતની ગોપાલભાઈ વસ્તરપરાનાં સહયોગથી દેવાધિદેવ મહાદેવની પ્રતિમાની સંગાથે

# ભૈ વાહ : ચમારડીનાં પાદરમાં ૧૧ વીર સપૂતોની પ્રતિમાઓ ચમકશે

**આગામી ૩૧ ઓક્ટોબર એટલે સરદાર પટેલ જયંતી અને દિપોત્સવીનાં અનેરા સંગમ વચ્ચે ઐતિહાસિક કાર્ય કરાશે**

**સ્વામી વિવેકાનંદ, મહાત્મા ગાંધી, સરદાર પટેલ, ડો. બાબાસાહેબ આંબેડકર, વીર ભગતસિંહ, સુભાષચંદ્ર બોઝની પણ પ્રતિમાનું થશે અનાવરણ**

**શ્રી કૃષ્ણકુમારસિંહજી, કેશુભાઈ પટેલ, વીર માંધાતાસિંહ સહિતનાં મહાનુભાવોની પ્રતિમાનું પણ થશે અનાવરણ**

**પાદરમાં મુસાફરોનાં હિતમાં બસ સ્ટેન્ડ, ગાર્ડનનું પણ નિર્માણ કરવામાં આવી રહ્યું છે**




અમરેલી, તા. ૨૪

બાબરા તાલુકાના ચમારડી ગામના ગોપાલભાઈ વસ્તરપરાનો સરદાર વલ્લભભાઈ પટેલ પ્રત્યે પ્રેમ સમગ્ર પંથકમાં જાણીતો છે અને દર વર્ષે લોખંડી પુરૂષ સરદાર પટેલની જન્મ જયંતિની ઉજવણી કંઈક અનોખી રીતે કરે છે. ગત સાલ ૧૪૮ની સરદાર વલ્લભભાઈની જન્મ જયંતીનાં દિવસે ૧૪૮ વલ્લભભાઈ નામના અલગ અલગ સમાજ ના વ્યકિતઓનું સન્માન કરાયું હતું. આ દેશ માટે, રાષ્ટ્ર માટે મહા પુરૂષોએ જે બલિદાનો આપ્યા છે તેને જીવંત રાખવાના પ્રયાસ ગોપાલ ચમારડી દ્વારા કરવામાં આવી રહ્યા છે. હાલ તેઓ પોતાના વતન ચમારડી ગામને ચમકાવવાની કવાયત કરી રહ્યા છે અને આ ગામની ચમક આગામી સરદાર પટેલ જન્મ જયંતીના દિવસે સમગ્ર પંથક માટે પ્રેરણાદાયી હશે. ગોપાલભાઈ વસ્તરપરા દ્વારા ચમારડી ગામની ભાગોળે મહાત્મા ગાંધી, સરદાર પટેલ, કૃષ્ણકુમારસિંહજી, કેશુભાઈ પટેલ, ભગતસિંહ, સુભાષચંદ્ર બોઝ, ડો. બાબાસાહેબ આંબેડકર, સ્વામી વિવેકાનંદ સહિતના ૧૨ મહાનુભવોની પુરાકદ ની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે સાથોસાથ દેવાધી દેવ મહાદેવની ભવ્ય મૂર્તિ સ્થાપિત કરવામાં આવી રહી છે. આ તમામ પ્રતિમાનું અનાવરણ આગામી ૩૧ ઓકટોબરના

અનુસંધાન પાના ૬ ઉપર

## પાલિકાનાં વિપક્ષી નગરસેવકોની કલેકટરને રજૂઆત

# અમરેલી પાલિકાની સામાન્ય સભાને મોકુફ રાખવાનો નિર્ણય ગેર બંધારણીય

**વર્તમાન પ્રમુખ લઘુમતીમાં હોવાનું પણ જણાવાયુ**

અમરેલી, તા. ૨૪

અમરેલી પાલિકામાં વિપક્ષી ૭ નગર સેવકોએ કલેકટરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી નગરપાલિકાના પ્રમુખ દ્વારા સામાન્ય સભાના મુસ્સદા કે કાર્યસુચિ મુજબ એજન્ડા પ્રસિધ્ધ કરી કરાવેલ અને તમામ સભ્યને સદરહું એજન્ડા બજવણી થયેલ છે તે મુજબ નગરપાલિકાના પ્રમુખ ધ્વારા તા. ૨૫/૧૦/૨૪ની સામાન્ય સભા કોઈ ચોકકસ કારણ આપ્યા વગર સદરહું મીટીંગ મુલત્વી રાખવાના નિર્ણય કર્યા સબંધે અમો વિરોધપક્ષના સદસ્યને માહિતી મળેલ છે.

આ રીતે પાંચ માસ કરતા વધારે સમયથી મીટીંગ નહીં બોલાવીને માત્ર મીટીંગ બોલાવેલની કાર્યસુચી – એજન્ડા બજવણી કરેલ છે અને કોઈ કારણ વગર મીટીંગ મુલત્વી રાખવા ગેરકાયદેસર નિર્ણય કરેલ હોય હાલના સતાધારી પ્રમુખ સંપુર્ણ બહુમતિ ગુમાવી દીધેલ હતી અને લઘુમતિમાં હોઈ, હાલનું બોર્ડ બેઠક બોલાવવામાં મોડું કરે છે. અગર કારણ વગર મીટીંગ મુલત્વી રાખવાનો નિર્ણય કરેલ હોઈ તે તમામ રીતે ગેરકાયદેસર ગેર બંધારણીય હોઈ હાલમાં અમરેલી શહેરી વિસ્તારમાં કયાંય કુદરતી આફત કે માહોલ ન હોઈ કે વિરોધ ન હોઈ કારણ દર્શાવ્યા વગર મીટીંગ મુલત્વી રાખવાની વાત કરી રહ્યા છે.

વધુમાં જણાવેલ છે કે અમરેલી નગરપાલિકાના પ્રમુખ દ્વારા તા. ૨૫/૧૦/૨૪ રોજની બોલાવેલ સામાન્ય સભાને કોઈ કારણ વગર ગેરકાયદેસર, ગેરબંધારણીય રીતે મીટીંગ મુલત્વી રાખવાનો નિર્ણય ભુલ ભરેલો હોય અને પ્રમુખની અનઉપસ્થિતિમાં સંસ્થાના

અનુસંધાન પાના ૬ ઉપર

હાર્દિક અભિનંદન

બાબરાના લોહાણા સમાજનાં ગૌરવ એવા "શ્રી હસુભાઈ એન. પોપટ"ની બાબરા ની અતિ મહત્વની નાગરીક સહકારી બેંકમાં ચેરમેન તરીકે સર્વાનુમતે વરણી થતાં હાર્દિક અભિનંદન સહ શુભકામનાઓ.
શ્રી હસુભાઈ એન. પોપટ
ચેરમેનશ્રી : નાગરીક બેંક - બાબરા
: શુભેચ્છક :
શ્રી ઉમેશભાઈ જોષી
મુ.કરીયાણા,તા.બાબરા, જિ.અમરેલી

## બગસરા યાર્ડનાં ચેરમેન કાંતીલાલ સતાસિયાની રજૂઆત

# અમરેલી જિલ્લામાં અતિવૃષ્ટિથી થયેલ ખેતીપાકોનાં નુકસાનનું સર્વે કરવા માંગ

**મુખ્યમંત્રીને પત્ર પાઠવીને યુધ્ધનાં ધોરણે સહાય કરવા માંગ**

બગસરા, તા. ૨૪

બગસરા માર્કેટયાર્ડનાં ચેરમેન કાંતિલાલ સતાસિયાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ખેતીવાડીમાં વરસાદથી થયેલ નુકસાનમાંથી અમરેલી જીલ્લાને બાકાત રાખવામાં આવેલ છે. તો અમરેલી જીલ્લાનો ખેતીવાડીમાં થયેલ નુકસાનીની ખેડુતોને સહાય જાહેર કરવી જરૂરી છે.





વધુમાં જણાવેલ છે કે નવરાત્રીમાં સોયાબીન જેવા પાકો ઉપાડેલા હતા અને તેમાં વરસાદ અવીરત ચાલુ રહેતા પાકની કાપણી પછી થ્રેસર હલરમાં નીકળેલ નથી આ

અનુસંધાન પાના ૬ ઉપર

ફ્રી ઓપરેશન શ્રેષ્ઠ સારવાર આધુનિક સુવિધા
ફ્રી ઓપરેશન
અકસ્માત ઈજા-ફ્રેકચર, સિઝેરીયન પ્રસુતિ, સારણગાંઠ, વધરાવળ, પથરી-પ્રોસ્ટેટ-કિડનીના રોગો, રસોળી-ચરબીની ગાંઠ
ઘુંટણની ગાદી-તાણીયાની ઈજા, એપેન્ડીક્ષ, પિતાશયની પથરી, હરસ-મસા-ફિશર, સ્ત્રીઓમાં છાતીમાં ગાંઠ
ફ્રી ડાયાલીસીસ સારવાર
દૂરબીનથી ઓપરેશન
(લેપ્રોસ્કોપિક એન્ડ એન્ડોસ્કોપિક સર્જરી) ફ્રી
■ પથરી,
■ પ્રોસ્ટેટ,
■ કિડનીના રોગો તથા એપેન્ડીક્ષ,
■ પિતાશય વગેરેનાં લેપ્રોસ્કોપિક
■ તથા એન્ડોસ્કોપિક પધ્ધતિ દ્વારા ઓપરેશન
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,૯૯૭૮૨ ૨૩૦૦૦

## સ્ટ્રીટલાઈટ શરૂ કર્યા વગર શાસકોએ અન્ય રીતે રોશની લગાવવાનું શરૂ કર્યુ

# અમરેલીમાં દિપોત્સવી પર્વે પણ સ્ટ્રીટલાઈટ બંધ

### છેલ્લા ૬ મહિનાથી ૫૦૦થી વધુ સ્ટ્રીટલાઈટ બંધ છતાં પણ પાલિકાનાં શાસકોને શહેરીજનોની ચિંતા નથી

અમરેલી, તા. ૨૪

અમરેલી શહેરમાં "દિપોત્સવી પર્વ" નજીકમાં હોય છતાં પણ બંધ સ્ટ્રીટલાઈટ શરૂ કરવાને બદલે શરૂ રહેલ સ્ટ્રીટલાઈટ પણ વધુને વધુ બંધ થતાં પાલિકાનાં શાસકોને શહેરીજનોની કોઈ જ ચિંતા નથી તે સાબિત થઈ રહ્યાં છે.

### રખડતા પશુઓ, આડેધડ દબાણ, મહત્વનાં માર્ગોમાં ગાબડા સહિતની સમસ્યાનું પણ નિરાકરણ મળતું નથી

શહેરમાં છેલ્લા ૬ મહિના કરતાં વધુ સમયથી ૬૦૦થી વધુ સ્ટ્રીટલાઈટ બંધ હાલતમાં છે. નવરાત્રિ, શરદપૂનમ બાદ હવે દિપોત્સવી પર્વ નજીકમાં હોવા છતાં સ્ટ્રીટલાઈટ શરૂ કરવાને બદલે પાલિકાની રોશની વિભાગની ગુનાહિત બેદરકારીથી વધુને વધુ સ્ટ્રીટલાઈટ બંધ થઈ રહી છે.

### શહેરમાં દરરોજ કે એકાતરા પાણી વિતરણ કરવામાં પણ શાસકો પાસે કોઈ આયોજન નથી

શહેરનાં સીનિયર સિટીઝન પાર્ક, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, વરસડા રોડ સહિતનાં અનેક જાહેર માર્ગો, રહેણાંક ગલીઓ, મુખ્ય બજાર સહિતનાં વિસ્તારોમાં સ્ટ્રીટલાઈટ બંધ હાલતમાં જોવા મળી રહી છે. તો રાજમહેલ પટાંગણની પણ સ્ટ્રીટલાઈટ બંધ જોવા મળે છે.

પાલિકાનાં શાસકો રખડતા પશુઓ, બેફામ દબાણ, માર્ગોનાં

### શહેરીજનોને માત્ર વિકાસનાં સ્વપ્નની દુનિયામાં જ રાચતા કરી દેવામાં આવી રહ્યાં છે

ગાબડા, અનિયમિત પાણી વિતરણ જેવી સમસ્યાનું પણ નિરાકરણ કરી શકયા ન હોય શહેરીજનો પાલિકાનાં શાસકોની નિષ્ક્રીયતા અને ગુનાહિત બેદરકારીથી ત્રાહીમામ પોકારી ચુકયા છે.

શહેરની દોઢ લાખની જનસંખ્યાને ભાજપ શાસિત પાલિકા પ્રાથમિક સુવિધા આપી શકતી ન હોય ધારાસભ્ય અને સાંસદે પાલિકાનાં શાસકોની કામગીરીની સમીક્ષા કરવી જરૂરી બની છે.

### કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં

## ગાંધીનગર ખાતે અખિલ ભારતીય ગૃહ રક્ષક અને ગૃહ સુરક્ષા સંમેલનનું આયોજન સંપન્ન

### રાજયનાં મુખ્યમંત્રી અને ગૃહમંત્રી પણ ઉપસ્થિત રહ્યા



અમરેલી, તા. ૨૪

ગુજરાત સરકાર દ્વારા આયોજીત ૧૪મુ અખિલ ભારતીય ગૃહ રક્ષક અને ગૃહ સુરક્ષા સંમેલન તા. ૨૨/૨૩/૧૦/૨૪નું ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું છે સંમેલનનું ઉદઘાટન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ તથા ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ રાજય ગૃહમંત્રી હર્ષ સંઘવીના વરદ હસ્તે થયેલ આ કોન્ફરન્સમાં દેશના તમામ રાજયોના હોમગાર્ડ અને સિવિલ ડિફેન્સ દળના વડાઓ શરૂઆત કરાઈને હોમગાડે દળ હંમેશા દેશની સેવામાં પોલીસ દળ સાથે ખુબ જ પ્રસશેનીય ફરજો બજાવે છે હોમગાડે દળ હંમેશા દેશની સેવામાં પોલીસ દળ સાથે ખુબ પ્રસશેનીય ફરજો જેવી કે કુદરતી આફતો, નાઈટ પેટ્રોલીંગ તમામ ઉત્સવો તમામ બંદોબસ્ત, ચુંટણી ફરજો, ટ્રાફિકની ફરજો સુપેરે નિભાવે છે તે માટે થઈ માનનીય અમિત શાહે તમામને બિરદાવીને આ કોન્ફરન્સમાં હોમગાર્ડ દળ અને સિવિલ ડિફેન્સ દળની આગામી પોલીસીઓ અને મદદથી કેવી રીતે વધુ વળને મજબૂત કાર્યક્ષમ અને અરસકારક બનાવી શકાય તેની વિશેષ બાબતોને ધ્યાને લઈને આગામી આયોજન હાથ ધર્યુ.

આ કાર્યક્રમનું જીવન પ્રસારણ અમરેલી જીલ્લાની તમામ યુનિટ ખાતેના અધિકારી ગણ તેમજ હોમગાર્ડ જવાની નિહાળી શકે તે માટે જીલ્લા કમાન્ડન્ટ રોહિત મહેતાએ પ્રોશોશન સાથે રહીને આયોજન કરેલ.

### તેરા તુજકો અર્પણ અંતર્ગત

## અમરેલીમાં જાહેર માર્ગ ઉપર પડી ગયેલ મોબાઈલ મુળ માલિકને પરત કરવામાં આવ્યો

### કમાન્ડ કંટ્રોલરૂમ નેત્રમની મદદથી મોબાઈલ મળી આવ્યો



અમરેલી, તા. ૨૪

અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહે તથા અમરેલી ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ દ્વારા જરૂરી સુચના તથા માર્ગદર્શન આપવામાં આપેલ હોય. જે અન્વયે અમરેલી સીટી પોલીસ ઈન્સ્પેકટર કે.એલ. ખટાણાની રાહબરી હેઠળ હસનખાન ફિરોજખાન પઠાણ (રહે. મોટા કસ્બાવાડ) અમરેલીવાળાએ સીટી પોલીસ સ્ટેશન ખાતે તેમનો વિવો કંપનીનો વિવો વી–૧૫ મોબાઈલ ફોન શાકમાર્કેટ પાસે રોડ ઉપર કયાંક પડી ગયેલ હોય તે અંગે જાણ કરેલ હતી. જેથી પોલીસ ઈન્સ્પેકટર કે.એલ. ખટાણા મોબાઈલ ફોનની શોધખોળ કરવા નાગનાથ બીટના સ્ટાફને સુચના આપતા નાગનાથ બીટ વિસ્તારના સ્ટાફ દ્વારા અલગ–અલગ જગ્યાએ તપાસ કરતા તથા કમાંડ કંટ્રોલરૂમ નેત્રમની મદદથી તપાસ કરતા સદર મોબાઈલ એક ઈસમને મળેલ હોવાનું કમાન્ડ કંટ્રોલ નેત્રમના કેમેરામાં જોવા મળતા તેની તપાસ કરતા સદર ઈસમને શોધી તેને સદર મોબાઈલ રસ્તામાંથી મળેલ હોવાનું જણાવતા તેઓ પાસેથી મોબાઈલ મેળવી મુળ માલીકને બોલાવી મોબાઈલની ખરાઈ કરી મોબાઈલ ફોન મુળ માલીકને સોંપી આપી પ્રસશંનીય કામગીરી કરેલ છે.

### જો વહીવટીતંત્ર મંજુરી આપવા તૈયાર હોય તો

## લાઠી ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ૫૦ ખેડુતો મળી સમસ્યા રજુ કરવા તૈયાર

### પ્રધાનમંત્રી સાથે મુલાકાત ન થાય તો કાળા વાવટા ફરકાવવાની ચીમકી

અમરેલી, તા. ૨૪

અમરેલી તાલુકા કોંગ્રેસનાં પ્રમુખ મનિષ ભંડેરીએ કલેકટરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે લાઠી તાલુકકાનાં દુધાળા ગામે આગામી તા. ૨૮/૧૦/૨૪ને સોમવારના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી એક સરોવરનું ઉદઘાટન કરવા માટે આવી રહ્યા છે, અમરેલી જીલ્લો સંપૂર્ણ રીતે ખેતી ઉપર આધારિત જીલ્લો છે અને સાંપ્રત સમયમાં સમગ્ર અમરેલી જીલ્લાના ખેતી તથા ખેડુતોના અનેક પ્રાણ પ્રશ્નો છે જેવા કે અતિવૃષ્ટિથી થયેલ પાક નુકસાન, પાકવીમો, પોષણક્ષમ ભાવ, મોંઘાદાટ ખાતર – બિયારણ–જંતુનાશક દવાઓ,



પિયત માટેનું પાણી, વિજળી, ભૂંડનો ત્રાસ, ઈકો ઝોન વગેરે જેવા પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે ૫૦ ખેડુતોનું એક પ્રતિનિધિ મંડળને વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાથે મુલાકાત કરવી ખુબ જ આવશ્યક બની છે, અમરેલી જીલ્લાના ખેડુતોની વેદનાને વાચા આપવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાથે ૫૦ ખેડૂતોના પ્રતિનિધિ મંડળને મુલાકાત કરવા માટેની જરૂરી પ્રક્રિયા કરીને મંજુરી આપવા માટે વિનંતી જો ખેડુતોના પ્રશ્નોને લઈને વડાપ્રધાન માટેની જરૂરી પ્રક્રિયા કરીને મંજૂરી આપવા માટે વિનંતી જો ખેડુતોના પ્રશ્નોને લઈને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાથે ૫૦ ખેડૂતોના પ્રતિનિધિ મંડળને મુલાકાત કરવા માટેની મંજૂરી આપવામાં નહીં આવે તો વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું કાળા વાવટા ફરકાવીને કરશે તેમ અતંમા જણાવેલ છે.

## ગાંધીનગરમાં 'ચલ મન મુંબઈ નગરી...' કાર્યક્રમમાં મુંબઈના કવિ લેખક અને કલાકારોની રસપ્રદ રજૂઆત

### આ ઈમારતમાં કવિ કાવ્ય પાઠ કરે ત્યારે એ ભવન બને છે : ભાગ્યેશ જહા

અમરેલી, તા. ૨૪

ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ કવિ ભાગ્યેશ જહાએ તથા મહામાત્ર ડો. જયેન્દ્રસિંહ જાદવે એક અનોખી પહેલ કરી છે. એમણે ગાંધીનગરના મેઘાણી હાલમાં મહારાષ્ટ્ર ગુજરાતી સાહિત્ય અકાદમીના કાર્યાધ્યક્ષ સ્નેહલ મુઝુમદાર તથા મુંબઈના કવિઓ, પ્રોફેસર તથા કલાકારોનેનિમંત્રણ આપીને ગુજરાતના ભાવકોને મુંબઈના સર્જનની ઝાંખી કરાવી હતી.



કાર્યક્રમની શરૂઆતમાં જોની શાહે સરસ્વતી વંદના રજૂ કરી કવિ હિતેન આનંદપરાએ આયોજન માટે આનંદ વ્યક્ત કરી સંચાલનનું સુકાન સંભાળ્યું હતું. ડો. જયેન્દ્રસિંહે ગુજરાત સાહિત્ય અકાદમીની પ્રવૃત્તિઓનો ટૂંકમાં પરિચય આપ્યો હતો.

ત્યારબાદ કવિ સંજય પંડયાએ મુંબઈનો દરિયો તથા આસપાસની પ્રકૃતિ સર્જકોને લખવાનું વાતાવરણ પૂઢં પાડે છે એવું જણાવ્યું હતું. ગુજરાત સાહિત્ય અકાદમીએ એક વર્ષમાં ૧૭૫ પુસ્તકો પ્રકાશિત કર્યા એ માટે એમણે અકાદમીને અભિનંદન આપ્યા હતા.

કવિ ભાગ્યેશ જહાએ એમના સ્વાગતપ્રવચનમાં જણાવ્યું હતું કે ગાંધીનગર પણ રાજનીતિ કરતાં પ્રકૃતિની નજીક છે. એમણે માતૃભાષાના પ્રસારની અને યુવાનોને ભાષા અને સાહિત્યના કાર્યક્રમમાં સાથે રાખવા જોઈએ એની વાત કરી હતી. એક હજાર વર્ષ જૂની ગુજરાતી ભાષાને ટકાવવામાં અન્ય બધી રીતે ડાહ્યાં ગુજરાતીઓ પાછાં પડ્યાં છે એનો અફસોસ એમણે વ્યકત કર્યો હતો. મુંબઈના સર્જકો કેવી પરિસ્થિતિમાં ભાષાને જાળવીને લખી રહ્યાં છે એનો પણ ઉલ્લેખ કર્યો હતો. એમણે જણાવ્યું હતું કે ગુજરાત અને મુંબઈના સાહિત્યને સાંકળતા કાર્યક્રમ તો ફક્ત શરૂઆત છે અને હવે પછી વધુ કાર્યક્રમો થશે.

મહારાષ્ટ્ર રાજય ગુજરાતી સાહિત્ય અકાદમીના કાર્યાધ્યક્ષ સ્નેહલ મુઝુમદારે સંસ્કૃતમાં સંભાષણ કરી બન્ને રાજયોની અકાદમીના સહકાર્યને અનુમોદન આપ્યું હતું. એમણે શાસ્ત્રીય સંગીત ક્ષેત્રે ગુજરાત અને ગુજરાતીઓના પ્રદાન અંગે ચર્ચા કરી હતી.

મુંબઈની એસ.એન.ડી. ટી.યુનિવર્સીટીના ગુજરાતી વિભાગના અપ્રયક્ષ ડા.દર્શના ઓઝાએ મુંબઈની સ્ત્રી સર્જકો વિશે અભ્યાસી વક્વ્ય આપ્યું હતું.

કવિ સંજય પંડ્યાએ પણ કવિ નર્મદથી માંડી સાહિત્ય પરિષદના પ્રથમ પ્રમુખ રણજિતરામ વાવાભાઈ મહેતા અને ત્યાંથી મોહનલાલ મહેતા 'સોપાન' થી લઈને અનેક જાણીતા સર્જકોનો ઉલ્લેખ કર્યો જેમણે મુંબઈમાં રહી સાહિત્ય સર્જન કર્યું.

વરિષ્ઠ ગઝલકાર હેમેન શાહ, કવિ ભાગ્યેશ જહા, હિતેન આનંદપરા, સંજય પંડયા, ડો. ભૂમા વશી તથા મીતા ગોર મેવાડાનાં ગીત, ગઝલ, દુહાએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા ડિમ્પલ આનંદપરા અને ડો. મંજરી મુઝુમદારે એકોક્તિ રજૂ કરી નવલકથાકાર કેશુભાઈ દેસાઈ, જિજ્ઞેશ અધ્યારૂ તથા અન્ય ભાવકોથી હાલ ભરાયેલો હતો. કાર્યક્રમનું સંચાલન કવિ હિતેન આનંદપરા અને સંજય પંડ્યાએ કર્યુ હતું.

આ ઈમારતમાં કવિ આવીને કાવ્યપાઠ કરે ત્યારે એ ભવન બને છે એવા કવિ ભાગ્યેશ જહાના શબ્દો કાર્યક્રમના અંતે જાણે સાચા પડતા હતા.

## સાવરકુંડલા : વિનામૂલ્યે નેત્ર નિદાન તથા નેત્ર આરોપણ કેમ્પ યોજાયો



સાવરકુંડલા, તા. ૨૪

આજ રોજ તારીખ ૨૪/૧૦/૨૪ને ગુરૂવારે સદ્દગૂરૂ કબીર સેવા ટ્રસ્ટ સવારકુંડલા અને લાયન્સ કલબ ઓફ અમરેલી સીટી તથા નાગરદાસ ધનજી સંઘવી ટ્રસ્ટ સુદર્શન નેત્રાલય હોસ્પીટલ સંચાલીત અમરેલી દ્વારા વિનામુલ્યે નેત્ર નિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પ ભવ્ય આયોજન થયેલ હતું. આ કેમ્પ આંખોના રોગથી પીડાતા દર્દીનારાયણ માટે ઓપરેશન વિનામુલ્યે કરવામાં આવ્યું હતું. આ કેમ્પની અંદર ઓ.પી. ડી. માં ૮૦ દર્દીઓએ લાભ લીધો હતો. અને તેમજ મોતિયાના ઓપરેશન માટે ૨૧ દર્દીઓએ લાભ લીધો હતો આ કેમ્પનું દિપ પ્રાગટય કબીર ટેકરી સાવરકુંડલાના મહંત નારણદાસ તથા કેશુભાઈ બગડા ટ્રસ્ટી વિશાલ વ્યાસ સામાજિક સેવા સંસ્થાન બચુભાઈ જીવરાજભાઈ સ્મારક ટ્રસ્ટના ટ્રસ્ટી વિશાલભાઈ વ્યાસ, જિતેનભાઈ હેલૈયા, તથા પટેલ બેટરીવાળા વિઠ્ઠલભાઈ સુદર્શન નેત્રાલયના કર્મચારી નિલેષભાઈ ભીલ, તથા કબીર ટેકરીના સ્વયંમસેવકો વગેરેએ સેવા આપી હતી. આ કેમ્પ દર મહિનાના ચોથા ગુરૂવારે છેલ્લા ૧૫ વર્ષથી યોજાય છે.

### ઈફકો ન્યુ દિલ્લી અને આંબરડી સેવા સહકારી મંડળીનાં ઉપક્રમે

## સાવરકુંડલાનાં કૃષ્ણગઢ ખાતે ડ્રોન ટેકનોલોજીથી પાકમાં દવાનો છંટકાવ

### શ્રમિકનું એક દિવસનું કામ એક કલાકમાં પૂર્ણ થયું

સાવરકુંડલા, તા. ૨૪

ઈફકો ન્યુ દિલ્લી અને આંબરડી સેવા સહકારી મંડળીના સંયુકત ઉપક્રમે ડ્રોન ટેકનોલોજીથી પાકમાં દવા છંટકાવનો કૃષ્ણગઢ ગામે સફળ પ્રયોગ સાવરકુંડલા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ખેડુતોની આવક બમણી કરવાના સ્વપ્નને આર્થક કરવા જાહેર થયેલ ખેડુત કલ્યાણકારી બહુવિધ યોજનાઓ અને પગલા અન્વયે ઈન્ડીયન ફાર્મર્સ ફર્ટીલાઈઝર કો.ઓપ.લી.(ઈફકો) ન્યુ દિલ્લીએ પણ સહકારી મંડળીઓને જંતુનાશક અને પાકરક્ષક દવાઓના છંટકાવ માટે ડ્રોન આપી સાથે ટ્રેનિગ આપવાની યોજના મુકેલ છે. તે અન્વયે સાવરકુંડલા તાલુકાની આંબરડી PACS ને પણ ડ્રોનની ટેકનોલોજી આપી સાથે બે કર્મચારીઓને ડ્રોન ચલાવવા માટેની તાલીમ આપેલ છે. એ ડ્રોન સિસ્ટમનો આબંરડી PACS ના પ્રમુખ



દિપકભાઈ માલાણીના નિરીક્ષણ હેઠળ સાવરકુંડલા તાલુકાના કૃષ્ણગઢ ગામે ખેડુત વિપુલભાઈ મુંજપરાના તુવેરના પાક ઉપર જંતુનાશક દવાનો છંટકાવ કરવાની પહેલ કરતા પ્રયોગ સફળ થયેલ છે અને માનવશ્રમ તથા સમયનો બચાવ થયેલ છે. સામાન્ય રીતે આટલા વાવેતર વિસ્તારમાં પંપથી છંટકાવ કરવામાં એક મજુરને આખો દિવસ થાય છે તે કામ ડ્રોન ટેકનોલોજીથી માત્ર એક મજુરને આખો દિવસ થાય છે તે કામ ડોન ટેકનોલોજી થી માત્ર એક કલાકમાં પુર્ણ કરેલ છે. તો પણ પંપથી પાકને આટલો અસરકારક છંટકાવ ન થઈ શકે. કેમ કે તુવેરના છોડ મોટા થઈ જવાથી ગુચતાના કારણે મેન્યુઅલી પંપ ચલાવનાર માણસ ચાલી ન શકે અને મુશ્કેલીથી દવાનો છંટકાવ કરવો પડતો હોય છે. ઉપરાંત સરીસૃપ જંતુઓ અને દીપડા, સિંહ જેવા રાની પશુઓનું પણ જોખમ રહેલું હોય છે. તેવી સ્થિતિમાં આ ડોન ટેકનોલોજીથી દવાનો છંટકાવ ખેડુતો માટે ઝડપી, સલામતી ભર્યો અને અસરકાર સાબિત થાય તેમ છે.

# અમરેલી જિલ્લા ભાજપની પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં આગમનને લઈને બેઠક યોજાઈ









વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આગામી તારીખ ૨૮ ઓકટોબરને સોમવારના રોજ લાઠીના દુધાળા ખાતે પધારી રહેલ હોય જેની તૈયારીના ભાગ રૂપે નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા તથા પ્રદેશ મહેશભાઈ કસવાલાના માર્ગદર્શન હેઠળ જીલ્લા ભાજપના મહામંત્રીઓ ભુપેન્દ્રભાઈ બસીયા, મેહુલભાઈ ધોરાજીયા અને પીઠાભાઈ નકુમની ઉપસ્થિતમાં બેઠક યોજાઈ, આ બેઠકમાં અમરેલી જીલ્લા ભાજપના હોદેદારો, પ્રદેશ, મોરચાના, હોદેદારઓ, મંડલના પ્રમુખઓ અને મહામંત્રીઓ, જીલ્લા મોરચાના પ્રમુખઓ મહામંત્રી તથા ચુંટાયેલા પ્રતીનિધિઓની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈફ સમગ્ર કાર્યક્રમની તૈયારીમાં વિવિધ તાલુકાઓ શહેરોમાંથી લોકો બહોળી સંખ્યામાં લોકો પધારવાના હોય જેના આયોજન અંગે બેઠક યોજાઈ. જીલ્લા ભાજપના કાર્યાલય મંત્રી મહેન્દ્રભાઈ ચાવડાની અખબારી યાદીમાં જણાવેલ.

### ચીન પર વિશ્વાસ કરી શકાય?

# ભારતના વિદેશ સચિવે દ્વિપક્ષીય વાતચીત બાદ આપ્યો જવાબ

**રશિયાના કાઝાન શહેરમાં આયોજિત બ્રિક્સ સંમેલન બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે દ્વિપક્ષીય વાતચીત થઈ**

નવી દિલ્હી, તા.૨૪

રશિયાના કાઝાન શહેરમાં આયોજિત બ્રિક્સ સંમેલન બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે દ્વિપક્ષીય વાતચીત થઈ. 2020માં ગલવાન અથડામણ બાદ બંને નેતાઓ વચ્ચે આ પ્રથમ દ્વિપક્ષીય બેઠક હતી. લગભગ એક કલાક સુધી ચાલેલી બેઠકમાં બંને દેશોના નેતાઓએ સરહદ સુરક્ષાથી લઈને વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. બેઠક બાદ પીએમ મોદીએ X પર પોસ્ટ કર્યું કે ભારત અને ચીન વચ્ચેના સંબંધો મહત્વપૂર્ણ છે. આ સંબંધો માત્ર બંને દેશો માટે જ મહત્વપૂર્ણ નથી પરંતુ વિશ્વમાં શાંતિ અને સ્થિરતા માટે પણ મહત્વપૂર્ણ છે. પરસ્પર આદર, વિશ્વાસ અને સંવેદનશીલતા સંબંધોને આગળ વધારવાનો માર્ગ બતાવશે.પરંતુ સવાલ એ છે કે 1962થી લઈને ડોકલામ અને ગલવાન સુધી વારંવાર પોતાનો વિશ્વાસ તોડનાર ચીન પર ભારત કેવી રીતે અને કેટલી હદે ભરોસો કરી શકશે? આ સવાલનો જવાબ વિદેશ સચિવ વિક્રમ મિસરીએ ત્યારે આપ્યો જ્યારે વિદેશ મંત્રાલયે દ્વિપક્ષીય વાટાઘાટોની બ્રિફિંગ માટે પ્રેસ કોન્ફરન્સ બોલાવી. આ દરમિયાન એક પત્રકારે એક પ્રશ્ન પૂછ્યો કે વડાપ્રધાન મોદી અને શી જિનપિંગની મુલાકાત બાદ શું એવું કહી શકાય કે ભારત અને ચીનના સંબંધો હવે સામાન્ય થઈ ગયા છે અને શું હવે ચીન પર વિશ્વાસ કરી શકાય?તેના જવાબમાં વિદેશ સચિવ વિક્રમ મિસરીએ કહ્યું કે હું એટલું જ કહી શકું છું કે છેલ્લા બે દિવસમાં અમે જે પગલાં લીધા છે તે અમારી સામે છે. આના પર જે કામ થઈ રહ્યું છે તે લાંબા સમયથી ચાલી રહ્યું છે. એક રીતે તેમની સાથે સામાન્ય સંબંધો બનાવવાની અમારી પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. જે સમજૂતી થઈ છે તેનાથી હવે સરહદ પર શાંતિનો માર્ગ ખુલી ગયો છે. હવે આપણા બંને (ભારત-ચીન)ને માર્ગ પર ચાલવાની જરૂર છે અને જ્યાં સુધી ચીન પર વિશ્વાસની વાત છે, જે ભવિષ્યમાં આપણી વચ્ચેની પ્રતિક્રિયા હશે, તો અમે આશા રાખીએ છીએ કે તે બંને દેશો વચ્ચે વિશ્વાસ વધશે.આ પહેલા, બીજો પ્રશ્ન એ છે કે શું આ દ્વિપક્ષીય વાટાઘાટો દ્વારા LAC પરની સ્થિતિનો ઉકેલ આવશે? આના જવાબમાં વિદેશ સચિવે કહ્યું કે અમે ચોક્કસપણે આશા રાખીએ છીએ કે આનાથી LAC પર સ્થિતીમાં ચોક્કસપણે સુધારો થશે. જ્યાં સુધી આત્મવિશ્વાસ નિર્માણનાં પગલાંનો પ્રશ્ન છે, અમારી પાસે આત્મવિશ્વાસ નિર્માણનાં ઘણાં પગલાં છે અને બંને પક્ષો વિવિધ ફોર્મેટમાં ફરી જોડાય છે ત્યારે તે સતત વિકસિત થાય છે. આ ચોક્કસપણે એક વિષય છે જેના પર મને લાગે છે કે બંને પક્ષો વચ્ચે ચર્ચા થશે. માત્ર સૈન્ય નેતૃત્વ જ બાકીની સરહદો પરની સૈન્ય સ્થિતિ વિશે ચોક્કસ કહી શકશે કારણ કે તે ઓપરેશનલ બાબતો સાથે સંબંધિત છે.ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથેની તેમની દ્વિપક્ષીય બેઠક દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારત-ચીન સંબંધો માત્ર આપણા લોકો માટે જ નહીં, પરંતુ વૈશ્વિક શાંતિ, સ્થિરતા અને પ્રગતિ માટે પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. PMએ કહ્યું, અમે 5 વર્ષ પછી ઔપચારિક બેઠક કરી રહ્યા છીએ. અમે માનીએ છીએ કે ભારત-ચીન સંબંધો માત્ર આપણા લોકો માટે જ નહીં, પરંતુ વૈશ્વિક શાંતિ, સ્થિરતા અને પ્રગતિ માટે પણ ખૂબ મહત્વ ધરાવે છે. છેલ્લા 4 વર્ષોમાં સર્જાયેલા સરહદી મુદ્દાઓ પર જે સર્વસંમતિ બની છે તેનું અમે સ્વાગત કરીએ છીએ.

### ભારતના છોકરાએ કર્યો કમાલ

# ભારતના છોકરાએ Googleમાં ૨ કરોડના પેકેજ સાથે મેળવી નોકરી

**ગુગલમાં અભિષેકની પસંદગી થાય તે પહેલા જ વર્ષ ૨૦૨૨માં અભિષેકને એમેઝોન તરફથી સારું પેકેજ મળ્યું હતું**

જમુઈ, તા.૨૪

બિહારના જમુઈ જિલ્લાના નાના શહેર ઝાઝાના અભિષેક કુમારે સંપૂર્ણ નિશ્ચય અને સમર્પણ દ્વારા અસાધારણ સિદ્ધિ હાંસલ કરી છે. આ પ્રતિભાશાળી યુવા સોફ્ટવેર એન્જિનિયરે આ પ્રતિભાશાળી યુવા સોફ્ટવેર એન્જિનિયરે રૂ. ૨.૦૭ કરોડના વાર્ષિક પેકેજ સાથે ગૂગલમાં નોકરી મેળવી છે. હવે તે ગૂગલની લંડન ઓફિસમાં સેવા આપશે.

અભિષેક કુમાર જમુઈ જિલ્લાના ઝાઝા બ્લોક વિસ્તારના જમુખરૈયાનો રહેવાસી છે. હાલમાં અભિષેક તેના સમગ્ર પરિવાર સાથે ઝાઝામાં રહે છે. અભિષેકના પિતા ઈન્દ્રદેવ યાદવ જમુઈ સિવિલ કોર્ટમાં વકીલ છે, જ્યારે તેની માતા મંજુ દેવી ગૃહિણી છે.

ગુગલમાં અભિષેકની પસંદગી થાય તે પહેલા જ વર્ષ ૨૦૨૨માં અભિષેકને એમેઝોન તરફથી સારું પેકેજ મળ્યું હતું. અભિષેકને એમેઝોન દ્વારા ૧ કરોડ ૮ લાખ રૂપિયાના વાર્ષિક પેકેજ પર નોકરી આપવામાં આવી હતી, જ્યાં તેણે માર્ચ ૨૦૨૩ સુધી કામ કર્યું હતું. આ પછી તેણે નોકરી છોડી દીધી. પછી તેણે મેક્સિકન બેઝ કંપનીમાં કામ કરવાનું શરૂ કર્યું અને ત્યાં તેની તૈયારી ચાલુ રાખી. છેવટે, તેને ગુગલ માટે પસંદ કરવામાં આવ્યો છે અને તેને ગુગલ દ્વારા એક સારું પેકેજ પણ આપવામાં આવ્યું છે.

અભિષેક કુમારે કહ્યું કે ગુગલ માટે કામ કરવાનું દરેક સોફ્ટવેર એન્જિનિયરનું સપનું હોય છે. દરેક એન્જિનિયર સપના પાછળ સખત મહેનત કરે છે. તેણે કહ્યું કે જ્યારે પણ તેને અભ્યાસમાં કોઈ મૂંઝવણનો સામનો કરવો પડ્યો ત્યારે તેના ભાઈ અને માતા-પિતા તેના પ્રેરણા સ્રોત બન્યા.

અભિષેક કુમારનું પ્રારંભિક શિક્ષણ જમુઈમાં જ થયું હતું. તેણે NIT પટનામાંથી સોફ્ટવેર એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો છે. અભિષેક તેના બે ભાઈઓમાં નાનો છે. અભિષેકના પિતા ઈન્દ્રદેવ યાદવે જણાવ્યું હતું કે બાળપણથી જ અમે શિક્ષણને ખૂબ મહત્વ આપ્યું છે અને તેના પરિણામ સ્વરૂપે આજે મારા પુત્રને આ સફળતા મળી છે.

### ભારતીયો બોગસ વિઝા સિસ્ટમથી કંટાળ્યા

# અમેરિકાના એચ-૧બી વિઝાને રિન્યૂ કરાવવામાં ભારે તકલીફો

**જે લોકો અમેરિકામાં વસે છે અને એચ-૧બી વિઝા પર કામ કરે છે તેમના માટે ડ્રોપબોક્સના સ્લોટ જ નથી**

વોશિંગ્ટન, તા.૨૪

અમેરિકાને ઘણા લોકો બહુ ફાસ્ટ અને હાઈ-ટેક દેશ ગણે છે પણ તેની કેટલીક સિસ્ટમો એવી છે જેનાથી મોટા ભાગના લોકો પરેશાન છે. તેમાં પણ તેની વિઝા રિન્યૂ કરવાની જે પ્રોસેસ છે તેણે લોકોને પરેશાન કરી દીધા છે. અમેરિકામાં વસતા એક ભારતીય યુવાનને H-1B વિઝા રિન્યૂ કરાવવામાં એટલી તકલીફ પડી ગઈ છે કે તોબા પોકારી ગયો છે. તેનું કહેવું છે કે મારે H-1B વિઝા રિન્યૂ કરાવવા છે અને તેના સ્લોટ માટે કેટલાય મહિનાથી ગોથા ખાઉં છું પણ ક્યાંય મેળ પડતો નથી. આ વાત છે એક ભારતીય નાગરિકની જે અમેરિકામાં વસે છે અને એચ-૧બી વિઝા પર કામ કરે છે. હવે તેણે આ વિઝા રિન્યૂ કરાવવા છે પણ તેમાં તેને સતત નિરાશા હાથ લાગી રહી છે. આ યુવાનને એપોઈન્ટમેન્ટ લેવામાં જ મોટી મુશ્કેલી નડી રહી છે. તે કહે છે કે ડ્રોપબોક્સ તરીકે ઓળખાતા ઈન્ટરવ્યૂ વેઈવર પ્રોગ્રામ દ્વારા મારે સ્લોટ બૂક કરાવવો છે પણ તેમ નથી થઈ શકતું.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટ લખીને તેણે જણાવ્યું છે કે આખી પ્રક્રિયા તેના માટે નાઈટમેર સાબિત થઈ છે. તે લખે છે કે ડ્રોપબોક્સથી એચ૧બી વિઝા રિન્યૂ કરાવવા એક મહિનાથી ટ્રાય કરું છું. તેઓ મને રેન્ડમ તારીખ આપે છે જેમ કે આજથી બે દિવસની તારીખ આપે. હવે શું એ શક્ય છે કે અમેરિકામાં રહેતી વ્યક્તિ આટલા ઓછા દિવસમાં બહાર જઈને વિઝા રિન્યૂ કરાવી શકે. આ સાવ પાગલપન છે. ડ્રોપબોક્સ એવી સ્કીમ છે જેમાં અરજકર્તાઓ વિઝા રિન્યુઅલ માટે પોતાના ડોક્યુમેન્ટ સબમિટ કરી શકે છે અને ઈન-પર્સન ઈન્ટરવ્યૂ આપવાની જરૂર રહેતી નથી. ભારતમાં એચ-૧બી વિઝા માટેના તમામ ડ્રોપબોક્સ સબમિશનને ચેન્નાઈ સ્થિત યુએસ કોન્સ્યુલેટ દ્વારા પ્રોસેસ કરવામાં આવે છે. પરંતુ અરજકર્તા ભારતમાં કોઈ પણ વિઝા એપ્લિકેશન સેન્ટર પર પોતાના ડોક્યુમેન્ટને ડ્રોપ ઓફ કરી શકે છે .

જે લોકો અમેરિકામાં વસે છે અને એચ-૧બી વિઝા પર કામ કરે છે તેમના માટે ડ્રોપબોક્સના સ્લોટ જ નથી જેના કારણે તેમણે ડ્રોપબોક્સની એપોઈન્ટમેન્ટ લેવી હોય તો ભારત આવવું પડે. જોકે, યુએસ કોન્સ્યુલેટ માંડ બે -ત્રણ દિવસ એડવાન્સમાં સ્લોટ આપે છે તેથી યુએસમાં વસતા ભારતીયો માટે આ બહુ મુશ્કેલ હોય છે, તેમણે એવો ટ્રાવેલ પ્લાન બનાવવો પડે જેથી તેઓ ભારત આવીને ડ્રોપબોક્સમાં ડોક્યુમેન્ટ જમા કરાવી શકે, પરંતુ તેમાં બહુ સમય લાગે છે અને બધા લોકો માટે આ શક્ય નથી હોતું. રેડિટ પર બીજા લોકો પણ આ વાત સાથે સહમત છે. એક વ્યક્તિએ કહ્યું કે મારે નવેમ્બર અગાઉ સ્ટેમ્પ મરાવવાનો છે કારણ કે મારે યુએસથી ઈન્ડિયા જવાનું છે અને આ સિસ્ટમે મારી ચિંતા વધારી દીધી છે. હું ગમે ત્યારે એમ પ્લેન પકડીને ઈન્ડિયા કેવી રીતે જઈ શકું.

તેમનું કહેવું છે કે અમેરિકાની એચ-૧બી વિઝા રિન્યૂ કરવાની જે સિસ્ટમ છે તે એકદમ નકામી છે અને લોકોને ફ્રસ્ટેટ કરે છે. સોશિયલ મીડિયા પર આવા ઘણા લોકો છે જેઓ આવી જ સ્થિતિમાં મૂકાઈ ગયા છે. એક વ્યક્તિએ કહ્યું કે હું નવેમ્બર અથવા ડિસેમ્બર માટે ઈન્ટરવ્યૂના સ્લોટ શોધું છું પણ મળતા નથી. મારે કોઈ પણ ભોગે ઈન્ડિયા જવાનું છે. આશા રાખું કે તેઓ ટૂંક સમયમાં સ્લોટ રિલીઝ કરશે.આવા લોકોની સંખ્યા તો હજારોમાં છે. એક યુવાને કહ્યુંકે હું ઓગસ્ટ મહિનાથી સ્લોટ શોધું છું. તેમણે જુલાઈમાં અને કેટલાક અઠવાડિયા અગાઉ નવેમ્બર અને ડિસેમ્બરના સ્લોટ ઓપન કર્યા હતા. આશા રાખું કે વધારે સ્લોટ ખુલશે પણ તે મેળવવા બહુ મુશ્કેલ છે. અમેરિકામાં કામ કરતા ઈન્ડિયન વર્કર્સની ફરિયાદ છે કે સ્લોટ ન મળવાના કારણે તેઓ ટ્રાવેલ પ્લાન કે ઓફિસમાંથી રજા લેવાનો પ્લાન પણ બનાવી શકતા નથી. આ બહુ ભયંકર સિચ્યુએશન છે અને ઘણાએ તો ઓફિસમાં બહુ એડવાન્સમાં જાણ કરવી પડે છે કે હું એક મહિના માટે રજા પર છું અને પછી તેઓ સ્લોટ શોધતા હોય છે.

### નવેમ્બરમાં મંગળવાર જ કેમ નક્કી કરવામાં આવ્યો ?

# અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી માત્ર મંગળવારે જ કેમ થાય છે ?

**૧૮૪૫માં ચૂંટણી માટેનો દિવસ નક્કી કરતા પહેલા અમેરિકાના દરેક રાજ્યને કોઈપણ દિવસે ચૂંટણી યોજવાની મંજૂરી આપવામાં આવી હતી.**

વૉશિંગ્ટન, તા.૨૪

અમેરિકામાં છેલ્લા ૧૭૦ વર્ષથી રાષ્ટ્રપતિની ચૂંટણી મંગળવારે જ થાય છે. તેની શરૂઆત ૧૮૪૦ના દાયકામાં થઈ હતી. વર્ષ ૧૮૪૫માં યુએસ કોંગ્રેસે એક કાયદો બનાવ્યો હતો, જેના હેઠળ રાષ્ટ્રપતિની ચૂંટણી માટે નવેમ્બરના પ્રથમ સપ્તાહનો મંગળવાર નક્કી કરવામાં આવ્યો હતો.અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીની તારીખ નજીક છે. રાષ્ટ્રપતિની ચૂંટણી ૫ નવેમ્બરે યોજાશે. એ દિવસ મંગળવાર છે. રસપ્રદ વાત એ છે કે અમેરિકામાં છેલ્લા ૧૭૦ વર્ષથી રાષ્ટ્રપતિની ચૂંટણી મંગળવારે જ થાય છે. તેની શરૂઆત ૧૮૪૦ના દાયકામાં થઈ હતી. વર્ષ ૧૮૪૫માં યુએસ કોંગ્રેસે એક કાયદો બનાવ્યો હતો, જેના હેઠળ રાષ્ટ્રપતિની ચૂંટણી માટે નવેમ્બરના પ્રથમ સપ્તાહનો મંગળવાર નક્કી કરવામાં આવ્યો હતો.૧૮૪૫માં ચૂંટણી માટેનો દિવસ નક્કી કરતા પહેલા અમેરિકાના દરેક રાજ્યને કોઈપણ દિવસે ચૂંટણી યોજવાની મંજૂરી આપવામાં આવી હતી. તેઓ તેમની અનુકૂળતા અને સ્થાનિક પરિસ્થિતિઓ અનુસાર ચૂંટણીની તારીખ નક્કી કરી શકતા હતા.૧૮૪૦ પહેલા દેશની સીટો પર અલગ-અલગ દિવસે મતદાન થતું હતું. એ જમાનામાં કોમ્યુનિકેશન અને ટ્રાન્સપોર્ટેશનની બહુ સગવડ નહોતી. આવી સ્થિતિમાં એક સીટના મતદાનને કારણે બીજી સીટના વોટિંગ પર અસર પડે કે મતદારોને પ્રભાવિત કરી શકાય તેવો ભય ન હતો. જો કે, ૧૮૪૦ પછી રેલ, રોડ, ટેલિગ્રાફ વગેરે શરૂ થતાં અલગ-અલગ દિવસે મતદાનથી મતદારોને પ્રભાવિત કરી શકાય છે તેવી ભીતિ વધી હતી. આને રોકવા માટે સમાન ચૂંટણીની તારીખની જોગવાઈ કરવામાં આવી હતી.રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મહિનો અને દિવસ નક્કી કરતી વખતે ઘણા પાસાઓ પર વિચાર કરવામાં આવ્યો અને પછી નિર્ણય લેવામાં આવ્યો કે નવેમ્બર મહિનો ચૂંટણી માટે શ્રેષ્ઠ રહેશે. કારણ કે અમેરિકામાં લગભગ તમામ પાક નવેમ્બર પહેલા લેવામાં આવે છે. એક રીતે ખેડૂતો તેમના કામમાંથી મુક્ત થઈને મતદાન કરવા જઈ શકે છે. ત્યાં સુધી વધારે ઠંડી પણ નથી પડતી. તેથી નવેમ્બર મહિનો ચૂંટણી માટે શ્રેષ્ઠ મહિનો માનવામાં આવતો હતો.જ્યારે અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મહિનો નક્કી કર્યા પછી દિવસ પસંદ કરવાનો વારો આવ્યો, ત્યારે વીક એન્ડ પર ચૂંટણી યોજવાની ચર્ચા થઈ, પરંતુ ઘણા અમેરિકનોને શનિવાર-રવિવારે પ્રવાસ કરવાનું પસંદ નથી. તેથી સપ્તાહના અંતે ચૂંટણી યોજવાનો વિચાર છોડી દેવામાં આવ્યો હતો. રવિવારે વધુ એક સમસ્યા હતી. તે દિવસે મોટાભાગના લોકો ચર્ચમાં જતા હતા.સોમવારનો દિવસ બાકી એટલા માટે રાખ્યો કે, ત્યારે લાંબા અંતર પર મતદાન મથકો બનાવવામાં આવતા હતા. તેથી મતદારોને મતદાન મથક સુધી પહોંચવા માટે લાંબો અંતર કાપવું પડતું હતું. તેથી વીક એન્ડ બાદ મતદારો સોમવારે પ્રવાસ કરીને બીજા દિવસે મત આપી શકે, તેથી મંગળવારે ચૂંટણી યોજવાનું નક્કી કરાયું હતું. ત્યારથી અત્યાર સુધી મંગળવારે જ ચૂંટણી યોજાઈ રહી છે.

### વોશિંગ્ટન સુંદરે ભારત માટે ઘાતક બોલિંગ કરી

# ન્યુઝીલેન્ડ પ્રથમ દાવમાં ૨૫૯ રનના સ્કોર પર ઓલઆઉટ

**ન્યૂઝીલેન્ડ તરફથી ડેવોન કોનવે અને રચિન રવિન્દ્રએ સારું પ્રદર્શન કર્યું હતું. કોનવેએ ૧૪૧ બોલનો સામનો કર્યો અને ૭૬ રન બનાવ્યા**

પુણે, તા.૨૪

ન્યુઝીલેન્ડની ટીમ પુણે ટેસ્ટના પ્રથમ દાવમાં ૨૫૯ રનના સ્કોર પર ઓલઆઉટ થઈ ગઈ છે. વોશિંગ્ટન સુંદરે ભારત માટે ઘાતક બોલિંગ કરી છે. તેણે ૨૩.૧ ઓવરમાં ૫૯ રન આપીને ૭ વિકેટ લીધી છે. ન્યૂઝીલેન્ડ તરફથી ડેવોન કોનવે અને રચિન રવિન્દ્રએ સારું પ્રદર્શન કર્યું હતું. કોનવેએ ૧૪૧ બોલનો સામનો કર્યો અને ૭૬ રન બનાવ્યા. રવિન્દ્રએ ૬૫ રનનું યોગદાન આપ્યું હતું. મિશેલ સેન્ટનર ૩૩ રન બનાવીને આઉટ થયો હતો. ટોમ લાથમ ૧૫ રન બનાવીને આઉટ થયો હતો.

પ્રથમ ટેસ્ટ માટે ટીમમાં પસંદ ન થયેલા વોશિંગ્ટન સુંદરને અચાનક બીજી ટીમમાં બોલાવવામાં આવ્યો હતો અને તેને પ્લેઈંગ-૧૧માં પણ સામેલ કરવામાં આવ્યો હતો. કુલદીપ યાદવની જગ્યાએ તેનો સમાવેશ કરવામાં આવ્યો હતો અને સુંદરે સાત વિકેટ લઈને ટીમ મેનેજમેન્ટના આ નિર્ણયને સાચો સાબિત કર્યો હતો. તેણે ૨૩.૧ ઓવરમાં ૫૯ રન આપીને સાત વિકેટ ઝડપી હતી. જેમાંથી તેણે પાંચ ખેલાડીઓને ક્લીન બોલ્ડ કર્યા હતા. એક એલબીડબલ્યુ અને એક કેચ આઉટ થયો હતો. બાકીની ત્રણ વિકેટ રવિચંદ્રન અશ્વિને લીધી હતી. સુંદરે રચિન રવિન્દ્ર, ડેરિલ મિશેલ, ટોમ બ્લંડેલ, ગ્લેન ફિલિપ્સ, ટિમ સાઉથી, એજાઝ પટેલ અને મિશેલ સેન્ટનરને આઉટ કર્યા છે. આ સાથે જ અશ્વિને કેપ્ટન ટોમ લાથમ, વિલ યંગ અને ડેવોન કોનવેને પેવેલિયન મોકલી દીધા હતા.

કોનવેએ સૌથી વધુ ૭૬ રન બનાવ્યા હતા. જ્યારે રચિન રવિન્દ્રએ ૬૫ રન બનાવ્યા હતા. આ બે સિવાય ૩૫ રનના આંકડાને કોઈ સ્પર્શી શક્યું નથી. લાથમ ૧૫ રન, વિલ યંગ ૧૮ રન, ડેરીલ મિશેલ ૧૮ રન, ટોમ બ્લંડેલ ત્રણ રન, ગ્લેન ફિલિપ્સ નવ રન, ટિમ સાઉથી પાંચ રન અને એજાઝ પટેલ ચાર રન બનાવીને આઉટ થયા હતા. આ સુંદરનો બેસ્ટ સ્પેલ હતો. આ છઠ્ઠી વખત છે જ્યારે ભારતમાં કોઈ ટેસ્ટના પ્રથમ દિવસે સ્પિનરોએ પ્રથમ દાવમાં વિરોધી ટીમના તમામ ૧૦ બેટ્સમેનોને આઉટ કર્યા છે. આ વર્ષે બીજી વખત આવું બન્યું છે. અગાઉ ધર્મશાળામાં ભારતીય સ્પિનરોએ ઈંગ્લેન્ડની પ્રથમ ઈનિંગમાં તમામ ૧૦ વિકેટ ઝડપી હતી. હાલમાં ભારતના ઓપનર રોહિત શર્મા અને યશસ્વી જયસ્વાલ ક્રિઝ પર છે.

### પૂર અને ભૂસ્ખલનની અનેક ઘટનાઓને લીધે ૨૬ લોકોના મોત

# ફિલિપાઈન્સમાં ટ્રામી વાવાઝોડું ત્રાટકતા ભારે તારાજી સર્જાઈ

**અસરગ્રસ્તો સુધી ભોજન-પાણી પહોંચાડવું પણ મુશ્કેલ બન્યું : પુરના કારણે રસ્તાઓ પર કારો વહી છે, તમામ શાળાઓ-કોલેજો બંધ કરવાની જાહેરાત**

ફિલિપાઈન્સ, તા.૨૪

ફિલિપાઈન્સમાં ટ્રામી વાવાઝોડું ત્રાટકતા ભારે વિનાશ થયો છે. તોફાનના કારણે ઓછામાં ઓછા ૨૬ લોકોના મોત અને દોઢ લાખ લોકોએ પોતાનું ઘર છોડવાની નોબત આવી છે. વાવાઝોડાના કારણે મૂશળધાર વરસાદ પડ્યો છે, જેના કારણે પૂર અને ભૂસ્ખલનની અનેક ઘટનાઓ બની છે. પુરના કારણે રસ્તાઓ પર કારો વહી છે, તો બીજીતરફ સરકારે તમામ શાળાઓ અને કૉલેજો બંધ કરવાની જાહેરાત કરી છે. પૂર્વોત્તર પ્રાંતમાં વાવાઝોડું ટ્રામી લેન્ડફોલ થયા બાદ ફિલિપાઈન્સમાં ભારે જાનહાની સર્જાઈ છે. લાખો લોકોને બચાવવા માટે આજે બીજા દિવસે પણ પુરજોશમાં અભિયાન ચાલી રહ્યું છે. ઘરની છત પર ભસાયેલા અનેક લોકોને બચાવવા માટે બોટનો સહારો લેવામાં આવ્યો છે.

પૂર અને ભૂસ્ખલનની સૌથી વધુ અસર બિકોલ વિસ્તારમાં થઈ છે. અહીં અનેક સ્થળો જળમગ્ન થયા છે. મળતા અહેવાલો મુજબ અનેક સ્થળે પાણી ભરાવથી અને તેમાં ડૂબી જવાના કારણે મોટાભાગના લોકોના મોત નિપજ્યા છે. જે વિસ્તારોમાં સૌથી વધુ પાણી ભરાયા છે, ત્યાં ૧૫૦૦ પોલીસ કર્મચારીઓ પુરજોશમાં રાહત અને બચાવની કામગીરી કરી રહ્યા છે. પ્રાદેશિક પોલીસ વડા બ્રિગેડિયર આન્દ્રે ડિઝોને કહ્યું કે, ‘ફસાયેલા લોકોની સંખ્યા વધુ છે, તેથી એક વખતમાં તમામને બચાવી લેવા અસંભવ છે. અમને વધારાની બોટની જરૂર છે. પ્રભાવિત લોકોને તાત્કાલીક બહાર કાઢવા મુશ્કેલ છે. અમે અસરગ્રસ્ત લોકો સુધી ભોજન અને પાણી કેવી રીતે પહોંચાડવું, તે અંગે અમે વિચાર કરી રહ્યા છીએ.’

અધિકારીઓએ કહ્યું કે, હજુ પણ હવામાનની સ્થિતિ અત્યંત ખરાબ છે અને તેના કારણે રાહત અને બચાવ કાર્યમાં અવરોધ આવી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, આ પહેલા ગત સપ્ટેમ્બરમાં યાગી વાવાઝોડાએ ફિલિપાઈન્સમાં તબાહી મચાવી હતી. ફિલિપાઈન્સમાં દર ઉનાળામાં લગભગ ૨૦ વાવાઝોડા આવે છે. ૨૦૧૩માં હૈયાન વાવાઝોડાના કારણે ૭૩૦૦થી વધુ લોકોના મોત થયા હતા અને અનેક ગામો નષ્ટ થઈ ગયા હતા.

### ૨૮૮માંથી ૨૭૦ બેઠક પર સહમતી

# મહારાષ્ટ્રમાં કોંગ્રેસ, UBT અને NCP વચ્ચે ૮૫-૮૫ બેઠકો પર લડવા સહમતિ

**આ ચૂંટણીમાં એનસીપી અને શિવસેનામાં બે જૂથ પડી ગયા છે, જેના કારણે ચૂંટણી રોચક બની ગઈ છે**

મુંબઈ, તા.૨૪

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે મહા વિકાસ અઘાડી(એમવીએ)ના ત્રણેય સહયોગીઓ - કોંગ્રેસ, શિવસેના(યુબીટી) અને એનસીપી(શરદચંદ્ર) વચ્ચે સીટ વહેંચણીને લઈને ખેંચતાણા ચાલી રહી હતી. જોકે, ત્રણેય સહયોગી પક્ષોએ સાથે મળીને ૮૫-૮૫ સીટ પર ચૂંટણી લડવા સહમતી વ્યક્ત કરી છે. બુધવારે પત્રકારો સાથેની વાતચીતમાં શિવસેના(યુબીટી)ના સાંસદ સંજય રાઉતે કહ્યું કે ૨૦મી નવેમ્બરે યોજાનાર ચૂંટણી માટે ૨૮૮માંથી ૨૭૦ બેઠક પર સહમતી થઈ ગઈ છે. અમે સમાજવાદી પાર્ટી, પીડબ્લ્યુપી, સીપીઆઈ(એમ), સીપીઆઈ અને આમ આદમી પાર્ટીને સામેલ કરીશું. બાકી રહેલી સીટો માટે હજુ ચર્ચા ચાલી રહી છે. અમે મૈત્રીપૂર્ણ રીતે ૨૭૦ સીટો પર સહમતી પર પહોંચી ગયા છે. મહાયુતિ(ભાજપ, શિવસેના-શિંદ અને એનસીપી-અજીત)ને હરાવવા માટે એકસંપ છીએ. આ સાથે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ નાના પટોલેએ કહ્યું કે, બાકી રહેલી સીટો નાની પાર્ટીઓ માટે છોડવામાં આવશે.આ દરમિયાન, શિવસેના(યુટીબી)ના નેતા અનિલ દેસાઈએ જણાવ્યું કે, ત્રણેય સાથીપક્ષો કોંગ્રેસ ૮૫, એનસીપી-શરદચંદ્ર ૮૫ અને શિવસેના-ઉદ્ધવ જૂથ ૮૫ સીટો પર ચૂંટણી લડશે, અને તે માટે સહમતી થઈ ગઈ છે. બાકી રહેલી સીટોમાંથી સહયોગી પક્ષો અરસપરસ ૧૮ સીટો પર ચર્ચા કરી રહ્યા છે. જ્યારે બાકીની ૧૫ સીટો નાની પાર્ટીઓને ફાળવવામાં આવશે. અહીંયા નોંધવું રહ્યું કે, ખાસ કરીને વિદર્ભ અને મુંબઈમાં કોંગ્રેસ અને શિવસેના(યુબીટી)ની વચ્ચે કેટલીક સીટોને લઈને વિવાદ ચાલી રહ્યો હતો, જેના કારણે સીટ વહેંચણીની વાતચીત સપ્તાહો સુધી ખેંચાતી રહી હતી. કેમ તાજેતરમાં લોકસભા ચૂંટણીમાં પોતાના મજબૂત પ્રદર્શનને કારણે કોંગ્રેસ વિદર્ભમાં પોતાની જમીન છોડવા તૈયાર ન હતી. અહીંયા નોંધવું રહ્યું કે, ૨૦૧૯ની મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ભાજપને ૧૦૫, અવિભાજિત શિવસેનાને ૫૬, અવિભાજિત એનસીપીને ૫૪ અને કોંગ્રેસને ૪૪ સીટ મળી હતી. પરંતુ આ ચૂંટણીમાં એનસીપી અને શિવસેનામાં બે જૂથ પડી ગયા છે, જેના કારણે ચૂંટણી રોચક બની ગઈ છે.

### ૫૦૦ મિલિયન ડોલરનું સોનું અને રોકડ

# હિજબુલ્લાહનો ગુપ્ત ખજાનો ઈઝરાયેલે કર્યો કબજે

**ઇઝરાયેલી એરફોર્સે બૈરૂતને પણ ખેદાન મેદાન કરી નાખ્યા પછી તેના મોટાભાગના વિસ્તારો ઉપર કબ્જો જમાવી દીધો હતો**

ઈઝરાયેલ, તા. ૨૪

ઈઝરાયેલે જણાવ્યું હતું કે, તેને મળેલી ગુપ્તચર માહિતી દ્વારા જાણવા મળ્યું છે કે બૈરૂત સ્થિત હોસ્પિટલ નીચે રખાયેલું એક બંકર હિજબુલ્લાહ માટે નાણાંકીય ધરી સમાન હતું. ઈઝરાયેલી એરફોર્સે બૈરૂતને પણ ખેદાન મેદાન કરી નાખ્યા પછી રવિવારે રાત્રે તેના મોટાભાગના વિસ્તારો ઉપર કબ્જો જમાવી દીધો હતો. આ ઉપરાંત નસરૂલ્લાહ જે બંકરમાં છુપાયો હતો તેમાં મોટી ટોર્ચોથી પ્રકાશ નાખતાં તે બંકરમાં આશરે ૫૦ કરોડ ડોલર (રુ. ૪૨૦૦ કરોડ) અને સોનું જોવા મળ્યું હતું.આ માહિતી આપતાં ઈઝરાયેલી દળોના પ્રવક્તાં રિયર એડમિરલ ડેનિયલ હેગારીએ જણાવ્યું હતું કે અમને તે બંકર ક્યાં રહેલું છે, તેની પાક્કી માહિતી મળતાં અમે તે હોસ્પિટલ ઉપર હુમલો કર્યો હતો. પછી તે બંકરમાં પ્રબળ ટોર્ચો લઈ ઉતરતાં. આ અઢળક ખજાનો મળી આવ્યો હતો.આ દરમિયાન ઈઝરાયેલે બૈરુતની સૌથી મોટી હોસ્પિટલ પર કરેલા હુમલામાં ૧૩ના મોત થયા છે અને ૫૭થી વધારે લોકો ઈજા પામ્યા છે. ઈઝરાયેલે આ પહેલા આ બિલ્ડિંગ ઉડાડવાની ૪૦ મિનિટ પહેલા ચેતવણી આપી હતી અને પછી સ્ટ્રાઈક કરાઈ છે. ઈઝરાયેલના આ હુમલાએ દેશની સૌથી મોટી રફિક હરિરી યુનિવર્સિટી હોસ્પિટલને નોંધપાત્ર નુકસાન પહોંચાડયું છે. ઈઝરાયેલે આ ઉપરાંત લેબનોન સીરિયા બોર્ડર પર પણ હુમલો કર્યો હતો. તેના લીધે લેબનોનથી સીરિયા જતો મોટરમાર્ગી રસ્તો બંધ થઈ ગયો હતો.તે સર્વવિદિત છે. બૈરૂતની મધ્યમાં રહેલી ખલ સાલેહ હોસ્પિટલમાં નીચે રહેલાં ખાનગી બંકરમાં નસરૂલ્લાહ છુપાયો હતો. અહીંથી જ તે અને તેના સાથીઓ હિજબુલ્લાહ આતંકીઓને પૈસા પહોંચાડતા હતા.આ એટલી મોટી રકમ છે કે તે ખંડેર બની ગયેલાં લેબનોનનાં પાટનગર બૈરૂતને ફરી બાંધવા માટે પૂરતી થઈ શકે તેમ છે.ઈઝરાયેલે હિજબુલ્લાહ નાં ૩૦ વિવિધ સ્થાનો ઉપર એરસ્ટ્રાઈક કરી હતી. જો કે આના પરિણામે પેલાં બંકરમાં રહેલા અઢળક ખજાનાનો નાશ ન થાય તેનો પણ પૂરતો ખ્યાલ રાખવામાં આવ્યો હતો. આ દરમિયાન અમેરિકાના વિદેશ પ્રધાન એન્ટની બ્લિન્કેન ઈઝરાયેલની મુલાકાત લેવાના છે. હિજબુલ્લાહે મંગળવારે સેન્ટ્રલ ઈઝરાયેલ પર હુમલો કરતાં રોકેટ છોડયા હતા. આ રોકેટ ગીચ વિસ્તારોમાં પડયા હોવા છતાં ખાસ નુકસાન કરી શક્યા ન હતા.

### ૨૮ ઓક્ટોબર ડેડલાઈન આપી

# કેનેડાના ટ્રૂડો ફરી મુશ્કેલીમાં, સાંસદોની રાજીનામાની માગ

**તેમના જ પક્ષના ૨૦ સાંસદોએ તેમને ચોથી ટર્મ માટે ચૂંટણી ન લડવા અને વડા પ્રધાન પદ પરથી રાજીનામું આપવા કહ્યું છે**

ઓટાવા, તા.૨૪

ભારત સાથે ચાલી રહેલા રાજદ્વારી તણાવ વચ્ચે કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડો પોતાના જ દેશમાં મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે.

તેમના જ પક્ષના ૨૦ સાંસદોએ તેમને ચોથી ટર્મ માટે ચૂંટણી ન લડવા અને વડા પ્રધાન પદ પરથી રાજીનામું આપવા કહ્યું છે. એટલું જ નહીં લિબરલ પાર્ટીના સાંસદોએ ટ્રૂડોને આ અંગે નિર્ણય લેવા માટે ૨૮ ઓક્ટોબરની ડેડલાઈન આપી છે. કેટલાક સાંસદોએ તો એમ પણ કહ્યું છે કે જો ટ્રૂડો આ ડેડલાઈન સુધીમાં રાજીનામું નહીં આપે તો તેમને ગંભીર પરિણામો ભોગવવા પડી શકે છે. કેનેડામાં જસ્ટિન ટ્રૂડો અને તેમની લિબરલ પાર્ટીની લોકપ્રિયતામાં ભારે ઘટાડો જોવા મળી રહ્યો છે, જેના કારણે તેમના પર વડા પ્રધાન પદ છોડવાનું દબાણ વધી રહ્યું છે. તાજેતરમાં ટ્રૂડોએ તેમની પાર્ટીના નેતાઓ સાથે બેઠક કરી હતી, ત્યારબાદ તેમણે કહ્યું હતું કે લિબરલ પાર્ટી મજબૂત અને એકજૂથ છે. પરંતુ પાર્ટીના ૨૦ સાંસદોએ વિપરીત નિવેદનો આપ્યા હતા.

આ સાંસદોએ એક પત્ર દ્વારા ટ્રૂડોને ચૂંટણી પહેલા રાજીનામું આપવાની માંગ કરી છે. આ પત્ર લિબરલ પાર્ટીની બેઠકમાં વાંચવામાં આવ્યો હતો, જેમાં ત્રણ કલાક સુધી ચર્ચા ચાલી હતી. સાંસદોએ ટ્રૂડોને આગામી ચૂંટણી ન લડવા અને નવા નેતૃત્વ સાથે પાર્ટીને મેદાનમાં ઉતારવા વિનંતી કરી.
મીડિયા રિપોર્ટ્સ અનુસાર, કેનેડા લિબરલ પાર્ટીના સાંસદ કેન મેકડોનાલ્ડ, જે ૨૦ સાંસદોમાંના એક છે, તેમણે કહ્યું કે, ’ટ્રૂડોએ લોકોની વાત સાંભળવી જોઈએ. તેમજ પાર્ટીની ઘટી રહેલી લોકપ્રિયતાને જોતા હું આગામી ચૂંટણી નહીં લડું.’

ટ્રૂડોએ ચોથી ટર્મ માટે તેમની બિડનો સંકેત આપ્યો છે, જો કે ટોરોન્ટો અને મોન્ટ્રીયલમાં તાજેતરની પેટાચૂંટણીઓમાં લિબરલ પાર્ટીને હારનો સામનો કરવો પડ્યો છે, જેના કારણે ટ્રૂડોના નેતૃત્વ પર પ્રશ્નો ઉભા થયા છે. તાજેતરના સર્વેમાં પણ લિબરલ પાર્ટી વિપક્ષી કન્ઝર્વેટિવ પાર્ટી કરતા પાછળ છે.

### આગામી ૨૪ કલાક અત્યંત ભારે!

# ચક્રવાતી તોફાન દાનાને લઈને ૨ રાજ્યોમાં રેડ એલર્ટ, ૬ રાજ્યોમાં અસર

**દેશના ૨ રાજ્યો ઓડિશા અને પશ્ચિમ બંગાળ માટે આગામી ૨૪ કલાક ખુબ ખતરનાક સાબિત થઈ શકે છે**

નવી દિલ્હી, તા.૨૪

દેશના ૨ રાજ્યો ઓડિશા અને પશ્ચિમ બંગાળ માટે આગામી ૨૪ કલાક ખુબ ખતરનાક સાબિત થઈ શકે છે. કારણ કે પૂર્વ મધ્ય બંગાળની ખાડીની ઉપર બનેલું ચક્રવાતી તોફાન દાના તબાહી મચાવવા માટે તૈયાર છે. આજે ૨૪ ઓક્ટોબરના રોજ સાંજથી કાલ ૨૫ ઓક્ટોબર સવાર સુધી આ સમુદ્રી તોફાન ઓડિશાના પુરીમાં દરિયા કાંઠે ત્રાટકી શકે છે. તેના પ્રભાવનું અનુમાન જોતા હવામાન વિભાગે (IMD) ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં રેડ એલર્ટ જાહેર કર્યો છે. ચક્રવાતી તોફાન દાના પૂર્વ મધ્ય અને તેની નજીક પશ્ચિમ મધ્ય બંગાળની ખાડી ઉપર છેલ્લા ૬ કલાક દરમિયાન ૧૨ કિલોમીટર પ્રતિ કલાકની સ્પીડે મંડરાઈ રહ્યું છે. ગઈ કાલે તોફાન એ જ ક્ષેત્રમાં કેન્દ્રિત હતું. હાલ તોફાન પારાદીપ (ઓડિશા)થી લગભગ ૪૨૦ કિમી દક્ષિણ પૂર્વ, ધમારા (ઓડિશા)થી ૪૫૦ કિમી દક્ષિણ-દક્ષિણ પૂર્વ અને સાગર દ્વીપ(પશ્ચિમ બંગાળ)થી ૫૦૦ કિમી દક્ષિણ દક્ષિણ પૂર્વમાં છે. તેના ઉત્તર પશ્ચિમ તરફ આગળ વધવા અને આજે ૨૪ ઓક્ટોબરના રોજ સવાર સુધીમાં મધ્ય અને નજીકના ઉત્તર પશ્ચિમ બંગાળની ખાડી ઉપર ભીષણ ચક્રવાતી તોફાનમા ફેરવાઈ જવાની શક્યતા છે.

એવું અનુમાન છે કે તોફાન દાના પુરી વચ્ચે ઉત્તરી ઓડિશા અને પશ્ચિમ બંગાળના તટો પર ત્રાટકશે. લેન્ડફોલ ૨૪ ઓક્ટોબર મધરાતથી ૨૫ ઓક્ટોબરની સવાર દરમિયાન આ તોફાન પુરી અને સાગરદ્વીપ વચ્ચે ભિતરકનિકા અને ધમારાની નજીક ઉત્તરી ઓડિશા અને પશ્ચિમ બંગાળના કાંઠાઓને પાર કરશે. ૧૦૦-૧૧૦ કિમી પ્રતિ કલાકની ઝડપથી ૧૨૦ કિમી પ્રતિ કલાકની ઝડપથી પવન ફૂંકાશે અને આ સાથે આ તોફાન સમુદ્રમાં જ્વાર ભાટાની સ્થિતિ બનાવી શકે છે. આવામાં આગામી ૨૪ કલાક સમુદ્રમાં લગભગ ૬ ફૂટ ઊંચી લહેરો ઉઠશે, જે ઓડિશા અને પશ્ચિમ બંગાળના સમુદ્રના કાંઠે ટકરાશે. તોફાની પવનની સાથે બંને રાજ્યોમાં ભારે વરસાદ પડશે. આથી સમુદ્ર કિનારાઓ પર જવું જોખમી થઈ શકે છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ ચક્રવાતી તોફાનની અસર ૬ રાજ્યો પર પડી શકે છે. હવામાન વિભાગે ૨૪થી ૨૬ ઓક્ટોબર સુધી ૩ દિવસ ઓડિશાના ૧૪ દરિયાકાંઠાવાળા વિજ્લાઓમાં તોફાની પવન ફૂંકાવવાની અને ભારેથી અતિભારે વરસાદની સંભાવના જતાવી છે. ૭થી 20 cm વરસાદ પડી શકે છે. પશ્ચિમ બંગાળના પૂર્વ મેદિનીપુર, પશ્ચિમ મેદિનીપુર, દક્ષિણ ૨૪ પરગણા, ઉત્તર ૨૪ પરગણામાં આજે ભારેથી અતિભારે વરસાદનું એલર્ટ છે.

### ભેદભાવ અને વ્હાલાદવલાની નીતિ અપનાવવામાં આવી હોવાની ફરિયાદ

# મુખ્ય શિક્ષકની જિલ્લા આંતરિક બદલી કેમ્પમાં નિયમો અંગે વિવાદ વકર્યો

**રાજયની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા એચ ટાટ આચાર્ય (મુખ્ય શિક્ષક) માટે આંતકિક બદલી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું**

અમદાવાદ, તા.૨૪

રાજયની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા એચ ટાટ આચાર્ય (મુખ્ય શિક્ષક) માટે આજે આંતકિક બદલી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બદલીમાં ભેદભાવ અને વ્હાલાદવલાની નીતિ અપનાવવામાં આવી હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. પ્રાથમિક શાળાઓના મુખ્ય શિક્ષકોની નિમણૂકના ૧૨ વર્ષ પછી આજે શિક્ષણ વિભાગ દ્વારા બદલીના નિયમો ઘડવામાં આવ્યા છે. નવા નિયમો પ્રમાણે જ આજે બદલી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૦મી જુલાઈના રોજ જાહેર કરવામાં આવેલા નિયમોના અનુસંધાનમાં આજે કેમ્પ યોજવામાં આવ્યો હતો. જિલ્લા આંતરિક બદલીમાં ૩ વર્ષની ફરજ બજાવેલી હોવી જોઈએ અને જિલ્લા ફેરબદલી માટે પાંચ વર્ષની નોકરી હોવી ફરજિયાત છે. આ નિયમ અંતર્ગત જિલ્લામાં નિમણૂકની તારીખને સિનિયોરિટી મુજબ ગણવાના બદલે કેમ્પમાં એવી સૂચના આપવામાં આવી હતી કે, આજના આંતરિક કેમ્પમાં જે હુકમ થાય એ દિવસની તારીખને નિમણૂકની તારીખ ગણવાની રહેશે. આ નિયમના કારણે આજે આંતરિક કેમ્પમાં ભાગ લેનારા મુખ્ય શિક્ષકો હવે પછી યોજનારા જિલ્લા ફેરબદલી કેમ્પમાં ભાગ લઈ શકશે નહીં. કારણ કે, જિલ્લા ફેરબદલી કેમ્પમાં ભાગ લેવા માટ નોકરીના પાંચ વર્ષ હોવા જરૂરી છે. આ મુદ્દે પ્રાથમિક શિક્ષણ સંઘ દ્વારા શિક્ષણ વિભાગમાં રજૂઆત કરવામાં આવી હોવાનું પણ બહાર આવ્યું છે. મહત્વની વાત એ કે, આજે મોટભાગના મુખ્ય શિક્ષકો-આચાર્ય કામના ભારથી કંટાળીને ઓછી સંખ્યા ધરાવતી સ્કૂલો તરફ વળ્યા હતા. શિક્ષકોના કહેવા પ્રમાણે અનેક સ્કૂલોમાં કલાર્ક, પટ્ટાવાળા અને પુરતા શિક્ષકો જ ન હોવાના કારણે વહીવટી કામગીરીનું ભારણ રહે છે. આ પ્રકારે કામના ભારણથી અનકે પ્રકારની મુશ્કેલીઓ ઊભી થતી હોય છે. આ તમામ સમસ્યાઓથી બચવા માટે મોટાભાગના મુખ્ય શિક્ષકોએ જે સ્કૂલોમાં ઓછી સંખ્યા હોય તેમાં જવાનું પસંદ કર્યું હતું.

### મોબાઈલ નેટવર્ક ઠપ્પ થતાં નાગરિકો પરેશાન

# સાવરકુંડલામાં પાલિકાનું ૧૦ લાખનું બાકી બિલ ન ચૂકવાતાં ત્રણ મોબાઈલ ટાવર સીલ

**૧૦ લાખ રૂપિયા બાકી હતા તે ભરવામાં નહીં આવતા શહેરમાં અલગ અલગ વિસ્તારમાં આવેલ રિલાયન્સ જિયોના ત્રણ ટાવર સીલ કરી દેવાયા છે**

અમરેલી,તા.૨૪

અમરેલી જિલ્લાના સાવરકુંડલા શહેરમાં પાલિકાનું બિલ બાકી હોવાથી, નગરપાલિકાએ કડક વલણ અપનાવીને ત્રણ મોબાઈલ ટાવર સીલ કરી દીધા છે. જેના કારણે નેટવર્ક ઠપ્પ થતાં નાગરિકો પરેશાન થઈ રહ્યા છે. મળતી માહિતી મુજબ, મોબાઈલ ટાવરને વારંવાર નોટિસો આપી જાણ કરવા છતાં કોઈ જવાબ નહીં મળતો નહતો. આથી નગરપાલિકા દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં ૨૦૨૨ થી ૨૦૨૪ સુધીના નગરપાલિકાના રૂપિયા ૧૦ લાખ રૂપિયા બાકી હતા તે ભરવામાં નહીં આવતા શહેરમાં અલગ અલગ વિસ્તારમાં આવેલ રિલાયન્સ જિયોના ત્રણ ટાવર સીલ કરી દેવાયા છે.

આ મામલે નગરપાલિકા ચીફ ઓફિસર હસમુખ બોર્ડે સ્થાનિક મીડિયાને જણાવ્યું હતું કે, નગરપાલિકા દ્વારા રિલાયન્સ જિયો કંપનીના ૩ ટાવર સીલ મારવામાં આવ્યા છે. અહીં ૨૦૨૨, ૨૦૨૩, ૨૦૨૪ પછીના રૂપિયા ૧૦ લાખ રૂપિયાનું બિલ બાકી છે છતાં કોઈ જવાબ નહિ આપતા સીલ મારવામાં આવ્યા છે. મોબાઈલ ટાવર સીલ કરતા નેટવર્કને અસર પહોંચી છે. જેના કારણે ગ્રાહકોમાં રોષ જોવા મળી રહ્યો છે. બીજી તરફ ગ્રાહકોમાં હવે વળતરની માગણી ઊઠી છે. ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા નુકસાન ચૂકવવા અને ગ્રાહકોને વેલિડિટી વધારી આપવા માટે કંપનીને લીગલ નોટિસ પણ ફટકારવામાં આવી છે. છેલ્લા કેટલાક દિવસોથી નેટવર્ક બંધ થયું હોવાના કારણે લોકોમાં નારાજગી જોવા મળી રહી છે.બીજી તરફ મોબાઈલ ઉપભોક્તા ગ્રાહકોના જણાવ્યા પ્રમાણે, છેલ્લા ૨૦ દિવસથી શહેરમાં જિયો કંપની દ્વારા જે સર્વિસ આપવામાં આવે છે હાલમાં ચાલતું જ નથી જ્યારે અમે તપાસ કરી તો જાણવા એવું મળ્યું નગરપાલિકામાં ટાવરના ભાડાના પેસા બાકી છે તે ભાડા ભરવામાં ગલ્લાતલ્લા કરતી હોય તો નગરપાલિકા દ્વારા સીલ મારવામાં આવ્યું છે. આ નામાંકિત કંપની છે, તેના કારણે ગ્રાહકોને હાલાકી ભોગવી રહ્યા છે.

### ભાજપ અને કોંગ્રેસ બાખડ્યાં

# SEBI પ્રમુખ માધબી બુચ સંસદીય સમિતિની બેઠકમાં હાજર ન રહ્યા

નવી દિલ્હી, તા.૨૪

SEBI ના વડા માધબી પુરી બુચની ગેરહાજરીના કારણે સંસદની પબ્લિક એકાઉન્ટ કમિટીની બેઠક સ્થગિત કરી દેવામાં આવી છે. PAC ના હેડ કેસી વેણુગોપાલે આ અંગે જાણકારી આપી હતી કે, માધબી પુરી બુચની ગેરહાજરીના કારણે કમિટીની આજની બેઠક સ્થગિત કરી દેવામાં આવી છે. બુચે પોતે સૂચના આપી હતી કે, અંગત કારણોસર તે દિલ્હી પહોંચી શકશે નહીં. PAC ની પ્રથમ બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે, પહેલા વિષય રૂપે અમે રેગ્યુલેટરી સંસ્થાઓની સમીક્ષા કરીશું. જેના ભાગરૂપે આજે આયોજિત બેઠકમાં સેબીના વડાને સમીક્ષા માટે બોલાવવામાં આવ્યા હતા. વેણુગોપાલે જણાવ્યું હતું કે, કમિટીની આ સમીક્ષામાં સેબીના વડાએ ઉપસ્થિતિમાં છૂટ આપવાની માગ કરી હતી. પરંતુ અમે તેનો ઈનકાર કર્યો હતો. બાદમાં ખાતરી કરવામાં આવી હતી કે, તે કમિટી સમક્ષ હાજર રહેશે. આજે સાડા નવ વાગ્યે સેબીના વડા અને સેબીના અન્ય સભ્યોએ અમને સૂચના આપી કે, અંગત કારણોસર તે દિલ્હીની યાત્રા કરી શકશે નહીં. PAC ના ચેરમેનની ફરિયાદ કરવા એનડીએના સાંસદ લોકસભા સ્પીકર સમક્ષ પહોંચ્યા હતાં અને તેમણે કહ્યું હતું કે, કેસી વેણુગોપાલનો ઈરાદો દેશના નાણાકીય ઢાંચાને તોડવાનો છે. આ સંદર્ભે થોડા સમય પહેલાં જ નિશિકાંત દુબેએ લોકસભા સ્પીકરને પત્ર લખ્યો હતો કે, માધબી બુચને બોલાવવાનો PAC ને કોઈ અધિકાર નથી. ભાજપ સાંસદ રવિશંકર પ્રસાદના જણાવ્યા અનુસાર, દરેક સ્ટેન્ડિંગ કમિટી તે વિભાગ સંબંધિત રેગ્યુલેટરી કમિટીની સમીક્ષા કરે છે. પરંતુ PAC ના અધ્યક્ષે પોતાની રીતે નિર્ણય લીધો અને સેબીના વડા માધબી બુચને બોલાવ્યા, તેમણે આ કેવી રીતે નક્કી કર્યું? PAC નું કામ કેગના રિપોર્ટ પર વિચાર કરવાનું છે. સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ CAG એ પોતાના રિપોર્ટમાં SEBI અંગે કોઈ માહિતી આપી નથી. આ સમગ્ર તપાસ અસંસદીય, પીડાદાયક છે અને તમામ સભ્યો નાખુશ હતા. બેઠકના કાર્યસૂચિમાં સંસદના અધિનિયમ દ્વારા સ્થાપિત નિયમનકારી સંસ્થાઓની કામગીરીની સમીક્ષા કરવાના સમિતિના નિર્ણયના ભાગરૂપે નાણાં મંત્રાલય અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) ના પ્રતિનિધિઓના મૌખિક પુરાવા રજૂ કરવાનો સમાવેશ કર્યો હતો. કાયદા દ્વારા સ્થાપિત રેગ્યેલટરી સંસ્થાઓની કામગીરીની સમીક્ષાને એજન્ડામાં સમાવવાના સમિતિના નિર્ણય સામે કોઈ વિરોધ નહોતો. જો કે, વેણુગોપાલના બુચને બોલાવવાના પગલાએ શાસક પક્ષના સભ્યોને નારાજ કર્યા હતા કારણ કે તે અમેરિકન સંસ્થા સામે હિન્ડનબર્ગના આરોપોને લઈને રાજકીય વિવાદના કેન્દ્રમાં રહી હતી.

### સંતો દ્વારા કરવામાં આવી વિશેષ માંગ

# ગીરનારની પવિત્ર લીલી પરિક્રમા ૧૧ થી ૧૫ નવેમ્બરે યોજાશે

**યાત્રાળુઓને કોઈ તકલીફ ન પડે તેને લઈને ગિરનાર મંડળ તેમજ સંતો દ્વારા ખાસ પ્રકારની વ્યવસ્થાઓ કરવામાં આવી**

જૂનાગઢ, તા.૨૪

ગિરનારમાં લીલી પરિક્રમા કરવા માટે દર વર્ષે લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવતા હોય છે. ત્યારે ફરી એકવાર આ વખતે પણ શ્રદ્ધાળુઓ દ્વારા લીલી પરિક્રમાને લઈને છેલ્લા કેટલાય સમયથી રાહ જોવામાં આવી રહી છે. પરિક્રમા ક્યારે યોજાશે તે નક્કી થઈ ગયું છે. જેમાં ૧૨ નવેમ્બરથી લઈને ૧૫ નવેમ્બર સુધી આ પરિક્રમા યોજાવાની છે.

લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ગિરનારના જંગલમાં યાત્રા કરવાના છે. ત્યારે આ વખતે યાત્રાળુઓને કોઈ તકલીફ ન પડે તેને લઈને ગિરનાર મંડળ તેમજ સંતો દ્વારા ખાસ પ્રકારની વ્યવસ્થાઓ કરવામાં આવી છે. સાથે જ ઉતારા મંડળ અને તીર્થ ગોર દ્વારા લીલી પરિક્રમાને લઈને કલેક્ટરને આવેદનપત્ર પણ આપવામાં આવ્યું છે. સંતો દ્વારા પોતાની અમુક ખાસ માંગ રજૂ કરવામાં આવી છે. જેમાં ખાસ કરીને કોઈ પણ વિધર્મીનો પ્રવેશ લીલી પરિક્રમામાં ન થાય તેને લઈને માંગ કરવામાં આવી છે. સાથે જ પીવાના પાણી, ટોઈલેટ બ્લોકની સમસ્યા યાત્રાળુઓને ન નડે તેને લઈને પણ માંગણી કરવામાં આવી છે. ઉપરાંત વરસાદ બાદ ખરાબ થયેલા રસ્તાઓને સારા કરવામાં આવે તેવી પણ લાગણી સંતો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે અગામી ૨૯ તારીખના રોજ કલેક્ટર દ્વારા મીટિંગનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બધા જ સાધુ-સંતો તેમજ પોલીસ વિભાગ અને વહીવટી તંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહેવાના છે. જેમાં આ દરેક મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવશે. ખાસ કરીને શ્રદ્ધાળુઓને કોઈ પણ તકલીફ ન પડે તેને લઈને પહેલા ચર્ચા કરવામાં આવશે.

### GDP ૭% જેટલો રહે તેવો અંદાજ : IMFનો રિપોર્ટ

# ભારત વિશ્વમાં સૌથી મોટું વિકસતું અર્થતંત્ર

**ગ્રામ્ય માગમાં રિકવરીના ટેકા સાથે નાણાં વર્ષ ૨૦૨૪-૨૫માં ભારતનો આર્થિક વિકાસ દર સાત ટકા રહી શકે**

નવી દિલ્હી, તા.૨૪

વિશ્વમાં ભારત સૌથી મોટું વિકસતુ અર્થતંત્ર જળવાઈ રહ્યું છે એમ ઈન્ટરનેશનલ મોનિટરી ફન્ડ (આઈએમએફ)ના એક સીનિયર અધિકારીએ જણાવ્યું હતું અને ભારતના બૃહદ્ આર્થિક ફન્ડામેન્ટલ્સ મજબૂત હોવાનું નિરીક્ષણ કર્યું હતું. વિશ્વમાં ભારત સૌથી મોટું વિકસતુ અર્થતંત્ર જણાય છે. સાનુકૂળ લણણીને કારણે ગ્રામ્ય માગમાં રિકવરીના ટેકા સાથે નાણાં વર્ષ ૨૦૨૪-૨૫માં ભારતનો આર્થિક વિકાસ દર સાત ટકા રહેવા અમારો અંદાજ છે.

ખાધાખોરાકીના ભાવમાં સામાન્યતા સાથે વર્તમાન નાણાં વર્ષમાં ફુગાવો ઘટી ૪.૪૦ ટકા રહેવા અપેક્ષા હોવાનું આઈએમએફ એશિયા પેસિફિક ડીપાર્ટમેન્ટના ડાયરેકટર કૃષ્ણા શ્રીનિવાસને પીટીઆઈને એક મુલાકાતમાં જણાવ્યું હતું. ચૂંટણીઓ છતાં, રાજકોષિય શિસ્તતા તેના પંથે છે. રિઝર્વનું સ્તર સારુ છે. ભારત માટે મેક્રો ફન્ડામેન્ટલ્સ સારા છે, એમ પણ તેમણે જણાવ્યું હતું. ચૂંટણી બાદ ભારતમાં સુધારા અગ્રતાઓ ત્રણ ક્ષેત્રોમાં હોવી જરૂરી છે. ભારતમાં રોજગાર નિર્માણ એક મુદ્દો રહેલો છે. આ સંદર્ભમાં મને લાગે છે કે, શ્રમ કાયદાનો અમલ થવો જરૂરી છે, કારણ કે તેનાથી લેબર માર્કેટમાં લવચિકતા જોવા મળશે એમ તેમણે જણાવ્યું હતું.

જો તમારે સ્પર્ધાત્મક બનવું હશે તો, હાલની કેટલીક વેપાર મર્યાદાઓ દૂર કરવાની રહેશે. આ ઉપરાંત માળખાકીય સુધારા પણ ચાલુ રાખવાના રહેશે એટલું જ નહીં કૃષિ તથા જમીન સુધારા પર પણ ધ્યાન આપવાનું તેમણે જણાવ્યું હતું. શિક્ષણ તથા સ્કિલિંગ સંદર્ભે પણ વિચારવાનું તેમણે સૂચન કર્યું હતું. કાર્યબળમાં કુશળતા લાવવા માટે ઈન્વેસ્ટમેન્ટની જરૂરત પર ભાર આપતા શ્રીનિવાસને જણાવ્યું હતું કે, કોઈ અર્થતંત્ર જે સેવા ક્ષેત્રમાં બહુબધા રોજગાર નિર્માણ કરી શકે છે ત્યાં, ખરા પ્રકારની કુશળતા હોવી મહત્વની છે. માટે શિક્ષણ તથા કાર્યબળમાં કુશળતા પાછ ઈન્વેસ્ટ કરવાનું ઘણું જ જરૂરી છે.

### અમિત શાહે આપી ખાતરી

# જમ્મુ-કાશ્મીરને ટૂંક સમયમાં ફરી પાછો રાજ્યનો દરજ્જો મળશે

**દિલ્હીમાં જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાહ અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ વચ્ચે બેઠક યોજાઈ**

નવી દિલ્હી, તા.૨૪

જમ્મુ-કાશ્મીરને ટૂંક સમયમાં ફરી પાછો રાજ્યનો દરજ્જો મળી શકે છે. કેન્દ્ર સરકાર દ્વારા આ મુદ્દે કામગીરી શરૂ થઈ શકે છે. જો કે, સત્તાવાર જાહેરાત થઈ નથી. બુધવારે સાંજે દિલ્હીમાં જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાહ અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ વચ્ચે મોટી બેઠક યોજાઈ હતી. સરકાર બનાવ્યા બાદની પ્રથમ બેઠકમાં જ એનસી સરકારે રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાનો ઠરાવ રજૂ કર્યો હતો.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, કેન્દ્ર સરકાર જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો આપવાની પ્રક્રિયા શરૂ કરી શકે છે. અડધો કલાક સુધી ચાલનારી આ બેઠક સકારાત્મક રહી હતી. ગૃહ મંત્રી અમિત શાહે રાજ્યનો દરજ્જો આપવાની કામગીરી શરૂ કરવાની ખાતરી આપી છે. જેનો સંકેત ઓમર અબ્દુલ્લાહે પણ આપ્યો છે.

ઓમર અબ્દુલાહે આ બેઠક બાદ નિવેદન આપ્યું હતું કે, આ એક શિષ્ટાચારની ભેટ હતી. જેમાં કેન્દ્રીય ગૃહમંત્રીને જમ્મુ-કાશ્મીરની સ્થિતિ વિશે માહિતી આપવામાં આવી અને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવા મુદ્દે ચર્ચા કરી. જમ્મુ-કાશ્મીરને ૨૦૧૯માં કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવામાં આવ્યુ હતું. જેથી તેનું પોલીસ બળ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના અધિકાર ક્ષેત્રમાં છે.

દિલ્હીમાં પોતાના પ્રવાસ દરમિયાન મુખ્યમંત્રી અબ્દુલ્લાહ અનેક કેન્દ્રીય મંત્રીઓને મળશે તેમજ તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પણ મુલાકાત કરે તેવી સંભાવના છે. હાલમાં જ યોજાયેલી જમ્મુ-કાશ્મીર વિધાનસભા બેઠકમાં અબ્દુલ્લાહના પક્ષ નેશનલ કોંગ્રેસે ૯૦માંથી ૪૨ બેઠકો પર જીત મેળવી હતી.

નાયબ રાજ્યપાલ મનોજ સિંહાએ અબ્દુલ્લાહ મંત્રીમંડળના રાજ્યનો દરજ્જો પાછો આપવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. જેની અંતિમ મંજૂરી કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા આપવામાં આવશે. રાજ્યને દરજ્જો આપવા મામલે મોટાભાગના મંત્રીઓએ સહમતિ દર્શાવી છે.

### CBSE ધોરણ ૧૦-૧૨ માટે મહત્વના સમાચાર

# CBSEએ પ્રેક્ટિકલ અને થિયરી પરીક્ષાની તારીખો કરી જાહેર કરી

**પ્રેક્ટિકલ પરીક્ષાઓ ૫ નવેમ્બરથી ૫ ડિસે. વચ્ચે યોજાશે**

મુંબઈ, તા.૨૪

સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ વિદ્યાર્થીઓ માટે પ્રેક્ટિકલ અને થિયરી પરીક્ષાની તારીખોની જાહેરાત કરી છે. સીબીએસઈના જણાવ્યા મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માટે ધો.૧૦ અને ધોરણ-૧૨ની પ્રેક્ટિકલ પરીક્ષા પહેલી જાન્યુઆરીથી જ્યારે થિયરી પરીક્ષા ૧૫ ફેબ્રુઆરીથી લેવામાં આવશે. જોકે, પરીક્ષા ક્યારે, કયા દિવસે, કયા વિષયોની લેવાશે તે અંગે કોઈ માહિતી જાહેર કરાઈ નથી. આ માટે વિદ્યાર્થીઓએ ધો.૧૦-૧૨ની ડેટશીટ જાહેર થવાની રાહ જોવી પડશે. ઉલ્લેખનીય છે કે, શિયાળાની શાળાઓ માટે ઝમ્જીઈ પ્રેક્ટિકલ પરીક્ષાઓ પાંચમી નવેમ્બરથી પાંચમી ડિસેમ્બર ૨૦૨૪ વચ્ચે યોજાશે. આ માહિતી બોર્ડ દ્વારા પહેલાથી જ અપાઈ હતી. આ પછી હવે બોર્ડે અન્ય શાળાઓની પ્રેક્ટિકલ પરીક્ષાની તારીખ જાહેર કરી છે.

સીબીએસઈએ વર્ષ ૨૦૨૩ અને વર્ષ ૨૦૨૨માં ડિસેમ્બરમાં પરીક્ષાનું ટાઈટબલ જાહેર કર્યું હતું, તેથી આ વર્ષે એવી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની ડેટશીટ ડિસેમ્બરમાં જાહેર થઈ શકે છે. જો સીબીએસઈ ગત વર્ષના પેટર્નનો ઉપયોગ કરશે તો આ જ મહિનામાં ટાઈટેબલ જાહેર થવાની સંભાવના છે. આ પહેલા સીબીએસઈ દ્વારા ૨૮મી સપ્ટેમ્બરમાં ગાઈડલાઈન જાહેર કરાઈ હતી, જેમાં આગામી ૨૦૨૫માં ધોરણ ૧૦-૧૨ની બોર્ડની પરીક્ષામાં ચોરીના બનાવો ન બને તેની સાવચેતી માટે CCTV કેમેરા ફરજિયાતનો નિર્ણય કર્યો હતો. તેમાં એવું પણ જણાવાયું હતું કે, જે શાળામાં CCTV કેમેરા નહીં હોય ત્યાં પરીક્ષા કેન્દ્ર ફાળવવામાં આવશે નહીં. CBSEએ એવો પણ દાવો કર્યો છે કે, ૨૦૨૫માં આશરે ૪૪ લાખ જેટલા વિદ્યાર્થીઓ ધોરણ ૧૦-૧૨ની પરીક્ષા આપવાના છે, ત્યારે પરીક્ષામાં કોઈ પ્રકારે ચોરીના બનાવ ન બને તે માટે સાવચેતીના પગલા લેવામાં આવી રહ્યા છે. જેમાં શૈક્ષણિક સંસ્થાઓને હાઈ રિઝોલ્યુએશન કેમેરા લગાવવાની સૂચના આપવામાં આવી છે. બોર્ડે જણાવ્યું હતું કે, ધોરણ ૧૦-૧૨ની પરીક્ષામાં ચોરીના બનાવની કોઈ સ્થિતિ ઊભી થાય તો, તેની સમીક્ષા કરવા માટે પરિણામ જાહેર થયાના બે મહિના માટે તમામ પરીક્ષા કેન્દ્રના રેકોર્ડિંગનો સંગ્રહ કરાશે.

જેનું એકસેસ માત્ર અધિકૃત કર્મચારી પાસે રહેશે.ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના પરીક્ષાર્થીઓ સરળતાથી ઓનલાઈન ડેટશીટ ડાઉનલોડ કરી શકે છે. આ માટે તમારે સીબીએસઈની સત્તાવાર વેબસાઈટ cbse.gov.in વેબસાઈટ ઓપન કરવાની રહેશે. ત્યારબાદ સીબીએસઈ ધોરણ-૧૦ ડેટ શીટ ૨૦૨૫/સીબીએસઈ ધોરણ-૧૨ ડેટ શીટ ૨૦૨૫ લિંક પર ક્લિક કરવાની રહેશે. આપને સ્ક્રીન પર એક PDF જોવા મળશે, જેને તમે સરળતાથી ડાઉનલોડ કરી શકશો.

### ભંગ કરનાર સામે થશે કાર્યવાહી

# વિદેશથી MBBS કરીને ગુજરાતમાં પ્રેક્ટિસ કરનારા ડોક્ટર્સ માટે નવો નિયમ

અમદાવાદ, તા.૨૪

ગુજરાત મેડિકલ કાઉન્સિલ દ્વારા એલોપેથિક ડોક્ટર્સ માટે એક જાહેર નોટિસ બહાર પાડવામાં આવી છે. જેથી હવે વિદેશમાં MBBS પાસ કરીને ગુજરાત આવેલા ડોક્ટર્સે પોતે M.D. "PHYSICIAN" અથવા 'ડોક્ટર ઓફ મેડિસિન' નહીં દર્શાવી કે લખી શકે. તેમને ફરજિયાત MBBS જ લખવાનું રહેશે. જો નિયમનો ભંગ કરાશે તો તેનું લાઈસન્સ સસ્પેન્ડ કરવાની સુધીના એક્શન લેવાશે.

એલોપેથિક ડોકટર્સ માટે અગત્યની જાહેર નોટીસ

(૧) MBBS પાસ થઈને આવેલા ડોક્ટર્સ માત્ર MBBS જ લખે

ભારત દેશ બહાર MBBS પાસ થઈને આવતા કેટલાક ડોકટર્સ (ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટસ (FMGs)) કે જે ભારત દેશની M.B.B.S. લાયકાતને સમકક્ષ ડિગ્રી ધરાવતા હોવા છતાં પોતે M.D. "PHYSICIAN" અથવા Doctor of Medicine લાયકાતધારક હોવાનું દર્શાવી/લખી જાહેર જનતાને ગેરમાર્ગે દોરતા હોય છે, તો આવા તમામ ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ્સ (FMGs) એ તેઓના પ્રિસ્ક્રીપ્શન, વીઝીટીંગ કાર્ડ, લેટર પેડ, સાઈન બોર્ડ, રબર સ્ટેમ્પ, ફીની પહોંચ, મેડિકલ સર્ટિફિકેટ વગેરે જેવી તમામ જગ્યાઓ પર ફક્ત M.B.B.S. જ લખવાનું રહેશે અન્યથા તેમના વિરૂદ્ધ નેશનલ મેડિકલ કમિશન/ ગુજરાત મેડિકલ કાઉન્સિલના નીતિ-નિયમો મુજબ લાયસન્સ સસ્પેન્ડ કરવા સુધીના પગલાં ભરવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે.

(૨) GMCએ ઈસ્યુ કરેલો લાયસન્સ નંબર ફરજિયાત લખવાનો રહેશે

ગુજરાત રાજ્યમાં પ્રેક્ટિસ કરતા તમામ એલોપેથિક ડોક્ટરોએ તેઓના પ્રિસ્ક્રીપ્શન, લેટર પેડ/ રબર સ્ટેમ્પ, ફીની પહોંચ, મેડિકલ સર્ટિફિકેટ વગેરે પર તેઓને ગુજરાત મેડિકલ કાઉન્સિલ દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ લાયસન્સ નંબર ફરજિયાતપણે દર્શાવવાનો રહેશે અન્યથા તેમના વિરૂદ્ધ નેશનલ મેડિકલ કમિશન/ ગુજરાત મેડિકલ કાઉન્સિલના નીતિ-નિયમો મુજબ લાયસન્સ સસ્પેન્ડ કરવા સુધીના પગલાં ભરવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે.

(૩) એલોપેથિક ડોક્ટરોએ પ્રેક્ટિસ કરવા પ્સ્ઝમાં લાયસન્સ ફરજિયાત લેવું

તમામ એલોપેથિક ડોક્ટરોએ ગુજરાત રાજ્યમાં પ્રેક્ટિસ કરવા સારું ગુજરાત મેડિકલ કાઉન્સિલમાંથી લાયસન્સ લેવું ફરજિયાત છે. અન્ય રાજ્યનું કે MCI/ NMCનું રજીસ્ટ્રેશન/લાયસન્સ હોય છતાં ગુજરાત રાજ્યમાં પ્રેક્ટિસ કરવા માટે ગુજરાત મેડિકલ કાઉન્સિલનું રજીસ્ટ્રેશન/ લાયસન્સ લેવું ફરજિયાત છે અન્યથા તેમના વિરૂદ્ધ નેશનલ મેડિકલ કમિશન/ ગુજરાત મેડિકલ કાઉન્સિલના નીતિ-નિયમો મુજબ લાયસન્સ સસ્પેન્ડ કરવા સુધીના પગલાં ભરવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે.

(૪) સ્પેશ્યાલિસ્ટ ડોક્ટરોએ પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રીનું રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત

ગુજરાત મેડિકલ કાઉન્સિલના ધ્યાન પર આવેલ છે કે ગુજરાતમાં પ્રેક્ટિસ કરતા કેટલાક સ્પેશ્યાલિસ્ટ/ સુપર-સ્પેશ્યાલિસ્ટ ડોક્ટરો ગુજરાત મેડિકલ કાઉન્સિલનું ફક્ત સ્મ્મ્જીનું જ રજીસ્ટ્રેશન/ લાયસન્સ ધરાવે છે પરંતુ તેમની પોસ્ટ ગ્રેજ્યુએટ MD/ MS જેવી સ્પેશ્યાલીટી કે MCH/ DM જેવી સુપર સ્પેશ્યલિટી ડિગ્રીનું રજીસ્ટ્રેશન/ લાયસન્સ લીધેલ નથી, તો આવા ગુજરાત રાજ્યમાં પ્રેક્ટિસ કરતા ડોક્ટરોને તેઓની MCI/ NMC દ્વારા માન્યતા પ્રાપ્ત તમામ સ્પેશ્યાલીટી કે સુપર સ્પેશ્યાલીટી ડિગ્રીનું લાયસન્સ/ રજીસ્ટ્રેશન ગુજરાત મેડિકલ કાઉન્સિલમાં કરાવવું આવશ્યક હોઈ સત્વરે કરાવી લેવા જણાવવામાં આવે છે અન્યથા તેમના વિરૂદ્ધ નેશનલ મેડિકલ કમિશન/ ગુજરાત મેડિકલ કાઉન્સિલના નીતિ-નિયમો મુજબ લાયસન્સ સસ્પેન્ડ કરવા સુધીના પગલાં ભરવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે.

### મેડિકલ કાઉન્સિલ દ્વારા એક મહત્વની માહિતી જાહેર કરવામાં આવી

# ગુજરાત મેડીકલ કાઉન્સિલમાંથી લાયસન્સ લેવું ફરજીયાત કરાયું

**તમામ ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ્સ (FMGS) લાયકાત ધારક તરીકે "ફિઝિશિયન" અથવા ડોક્ટર ઓફ મેડિસિન લખીને લોકોને ગેરમાર્ગે દોરે છે**

અમદાવાદ,તા.૨૪

ગુજરાત મેડિકલ કાઉન્સિલ દ્વારા એક મહત્વની માહિતી જાહેર કરવામાં આવી છે. હવેથી વિદેશમાંથી MBBS કરનારા ડોક્ટરોને M.D ડિગ્રી મળશે. તે ફરજિયાત MBBS તરીકે લખવું જોઈએ અને 'ફિઝિશિયન' અથવા ડૉક્ટર ઑફ મેડિસિન નહીં. જો નિયમનું પાલન નહીં થાય તો તેની સામે લાયસન્સ સસ્પેન્ડ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે.ભારત બહારથી આવતા કેટલાક ડોકટરો (ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ (FMGS)) જેમણે MBBS પાસ કર્યું છે, જેમની પાસે દેશની MBBS લાયકાતની સમકક્ષ ડિગ્રી છે, તેઓ પોતે MD છે. આવા તમામ ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ્સ (FMGS) લાયકાત ધારક તરીકે ''ફિઝિશિયન'' અથવા ડોક્ટર ઓફ મેડિસિન લખીને લોકોને ગેરમાર્ગે દોરે છે, તો આવા તમામ ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ્સ (FMGS) એ માત્ર MBBS લખવાનું રહેશે અન્યથા નેશનલ મેડિકલ કમિશન મુજબ તેમનું લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવશે. . ગુજરાત મેડિકલ કાઉન્સિલની નીતિ હેઠળ જરૂરી પગલાં લેવામાં આવશે. ગુજરાતમાં પ્રેક્ટિસ કરતા તમામ એલોપેથિક ડોકટરોએ તેમના પ્રિસ્ક્રિપ્શન, લેટર પેડ/રબર સ્ટેમ્પ, ફી રસીદો, તબીબી પ્રમાણપત્રો વગેરે પર ગુજરાત મેડિકલ કાઉન્સિલ દ્વારા જારી કરાયેલ લાઈસન્સ નંબરનો ફરજિયાત ઉલ્લેખ કરવો આવશ્યક છે.ગુજરાતમાં પ્રેક્ટિસ કરવા માટે તમામ એલોપેથિક ડોકટરોએ ગુજરાત મેડિકલ કાઉન્સિલ પાસેથી લાયસન્સ મેળવવું જરૂરી છે. અન્ય રાજ્ય અથવા MCI/NMCની નોંધણી/લાયસન્સ હોવા છતાં, ગુજરાતમાં પ્રેક્ટિસ કરવા માટે ગુજરાત મેડિકલ કાઉન્સિલ પાસેથી નોંધણી/લાયસન્સ મેળવવું ફરજિયાત છે.પરંતુ જો તેમની અનુસ્નાતક વિશેષતા જેમ કે MD/ MS અથવા MCh/DM જેવી સુપર સ્પેશિયાલિટી ડિગ્રી રજીસ્ટર્ડ/ લાઈસન્સ પ્રાપ્ત ન હોય, તો ગુજરાતમાં પ્રેક્ટિસ કરતા આવા ડોકટરોએ તેમની MCI/NMC માન્યતા પ્રાપ્ત વિશેષતા અથવા સુપર સ્પેશિયાલિટી ડિગ્રી ગુજરાત મેડિકલ સાથે લાયસન્સ/રજિસ્ટર્ડ કરાવવી આવશ્યક છે. કાઉન્સિલ અને તે શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરો. અન્યથા નેશનલ મેડિકલ કમિશન/ ગુજરાત મેડિકલ કાઉન્સિલની નીતિ મુજબ લાયસન્સ સસ્પેન્શન સુધીની કાર્યવાહી કરવામાં આવશે.

# ચમારડી ગામે સરદાર પટેલ જયંતી અંતર્ગત ગોપાલ વસ્તરપરા દ્વારા સ્વચ્છતા અભિયાન યોજાયું



સ્વચ્છતા હી સેવા મહા અભિયાન અંતર્ગત બાબરા તાલુકાના ચમારડી ગામે આજરોજ ભામાશા ગોપાલભાઈ વસ્તરપરાના માર્ગદર્શન હેઠળ આગામી ૩૧ ઓકટોબર એટલે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૯મી જન્મ જયંતી નજીક આવતી હોય. જેને લઈને સમસ્ત ચમારડી ગ્રામજનો અને ગોપાલભાઈ ચમારડી દ્વારા સ્વચ્છતા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ત્યારે ચમારડી ગામનો મેઈન પ્રવેદ્વાર, ચમારડીથી ચરખા જતો મેઈન રોડ, ચમારડી ગામની મેઈન બજારોની આસપાસ સાફ સફાઈ હાલ શરૂ કરવામાં આવી છે. ગોપાલ ચમારડી દ્વારા વધુમાં જણાવતા કહ્યું હતુ કે આગામી ૩૧ ઓકટોબર પહેલા આખા ચમારડી ગામની ગલીએ ગલીએ, મેઈન બજારો, ધાર્મિક સ્થળો, જાહેર રોડ રસ્તાઓ સહિત સમગ્ર જગ્યાએ સફાઈ અભિયાન કરવામાં આવશે.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલી પાલિકાની સામાન્ય સભાને**

ઉપપ્રમુખની હાજરીમાં હાજર સભ્ય સંખ્યાનો મત લઈને નિર્ણય કરવો જરૂરી સંસ્થાની હાજરીમાં મીટીંગ કરાવીને કાર્યસુચિ મુજબ કાર્યવાહી થાય તેવો આદેશ કરવા રજૂઆત છે.

હૈયાત પ્રમુખ સભ્ય સંખ્યા દ્રષ્ટિએ સંપુર્ણ લઘુમતિ હોય તેની બહુમતી ન હોય તે સાબીત કરવી જરૂરી હોય તે વિગતે જયા સુધી બહુમતિ સાબીત ન કરી શકે તેવા સંજોગોમાં કોઈ નાણાંકીય આર્થિક લેણદેણ ન કરે તેવો આદેશાત્મક હુકમ કરવા અંતમાં માંગ કરેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લામાં ભય વગર**

જણાવેલ છે કે, સાંસદો, ધારાસભ્યો અને મ્યુ. કોર્પોરેશનોના મેમ્બરોને પગાર અને ભથ્થા મળે છે. આ લાભ નગરપાલિકાનાં સદસ્યોને પણ મળવો જોઈએ.

આમ પણ ગુજરાતની ઘણી બધી નગરપાલિકાઓમાં સદસ્યોને ટકાવારી અને હપ્તા મળે છે. (જો કે આવા હપ્તા નહિ લેવાવાળા કેટલાક પ્રામાણિક સભ્યો પણ કયાંક કયાંક મળી આવે છે).

અમરેલી જિલ્લાની મોટાભાગની પાલિકાઓમાં આ દુષણ છે. અમરેલી પાલિકામાં આવી ખાયકી સામે કેટલાક લોકોએ અવાજ ઉઠાવ્યો તો પાલિકાનું આવતીકાલનું બોર્ડ રદ કરી દીધું અને કેટલાક સદસ્યોને શાંત પાડવા પંદર પંદર હજાર રોકડા મોકલી દીધા.

ભ્રષ્ટાચારના આદૈત્યને કોણ ઝેર કરશે એ સવાલ મોટો છે!!

**CHANGE OF NAME**

I hereby declarer, Vishalbhai Rasikbhai Savaliya. My old name has been changed form Vishal Rasiklal Savaliya to Vishalbhai Rasikbhai Savaliya. So from now on I will be known by this name

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૦૨ | ૧૧૩૬ |
| ૨ | શિંગ મોટી | ૭૦૦ | ૧૨૧૧ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૮૫૦ | ૧૨૫૦ |
| ૪ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૯૨૫ |
| ૫ | તલ કાળા | ૩૧૦૦ | ૩૯૩૨ |
| ૬ | બાજરો | ૪૦૪ | ૫૭૨ |
| ૭ | જુવાર | ૪૦૦ | ૮૬૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૫૨ |
| ૯ | ઘઉં લોકવન | ૫૬૬ | ૬૪૯ |
| ૧૦ | મગ | ૭૦૦ | ૧૮૧૦ |
| ૧૧ | અડદ | ૭૫૦ | ૧૫૪૦ |
| ૧૨ | ચણા | ૯૦૦ | ૧૫૯૬ |
| ૧૩ | વાલ | ૧૬૦૦ | ૨૫૦૦ |
| ૧૪ | કપાસ | ૮૯૨ | ૧૬૩૮ |
| ૧૫ | એરંડા | ૧૦૦૦ | ૧૨૩૫ |
| ૧૬ | જીરૂ | ૧૬૦૦ | ૪૫૨૦ |
| ૧૭ | રાયડો | ૧૦૧૦ | ૧૦૧૦ |
| ૧૮ | ધાણા | ૧૦૦૦ | ૧૪૨૦ |
| ૧૯ | અજમા | ૧૦૦૦ | ૨૮૦૦ |
| ૨૦ | મેથી | ૧૦૯૨ | ૧૧૨૬ |
| ૨૧ | સોયાબીન | ૬૦૦ | ૮૬૩ |
| ૨૨ | રજકાનું બી | ૧૫૭૫ | ૫૩૭૫ |

# રાજુલા તાલુકાના ગ્રામ્ય સેવા સેતુ કાર્યક્રમમાં ૧૬૮૯ અરજીઓનો સ્થળ પર નિકાલ

અમરેલી, તા. ૨૪

રાજય સરકારની જન કલ્યાણલક્ષી વિવિધ સેવાઓ અને યોજનાઓનો લાભ નાગરિકોને સરળતાથી ઘર આંગણે મળી રહે અને તેમને ઓછામાં ઓછી મુશ્કેલી થાય તેવા પારદર્શી અભિગમ તેમજ સુશાસન નેમ સાથે રાજયવ્યાપી સેવા સેતુ કાર્યક્રમના ૧૦મા તબક્કાનો રાજયવ્યાપી પ્રારંભ થયો હતો.

મહત્વનું છે કે, આગામી તા.૩૧ ઓક્ટોબર સુધી રાજયભરમાં યોજાનાર આ સેવા સેતુ કાર્યક્રમના ૧૦મા તબક્કા અંતર્ગત તાલુકા દીઠ ૩ અને નગરપાલિકા–મહાનગરપાલિકા દીઠ બે સેવાસેતુ કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવ્યુ છે. રાજય સરકારના વિવિધ વિભાગોની ૫૫ જેટલી જન કલ્યાણલક્ષી સેવા– સુવિધાઓ સેવા સેતુમાં નાગરિકોને સ્થળ પર પૂરી પાડવાનો ઉદ્દેશ્ય છે. સેવા સેતુ કાર્યક્રમ એ રાજય સરકારના જનકલ્યાણલક્ષી અભિગમનું એક પરિમાણ છે. સેવા સેતુ કાર્યક્રમના માપ્રયમથી અરજદારોની અરજીઓનો સ્થળ પર જ હકારાત્મક રીતે ઉકેલ આવી રહ્યો છે.

રાજુલા તાલુકા ગ્રામ્ય સેવા સેતુ કાર્યક્રમ–૨૦૨૪ યોજાયો હતો, કાર્યક્રમમાં રાજય સરકારની વિવિધ યોજનાઓ અન્વયે અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો હતો. સેવા સેતુ કાર્યક્રમમાં ૮૬૫ પશુઓને રસીકરણ (ડીવર્મીંગ), ૧૬૦ રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના વિષયક અરજી, ૮૦ હેલ્થ અને વેલનેસ કાર્ડધારકોની ડાયાબિટીઝ અને બી.પી ચકાસણી, ૨૪૮ રાશનકાર્ડ ધારકોની ઈ–કેવાયસી સેવા, ૦૨ સર્જિકલ સારવાર, ૭૧ આધારકાર્ડમાં સુધારાની અરજી, ૩૮ રાશનકાર્ડ ધારકો નામ દાખલ કરવું, ૧૭ નામ કમી કરવા સંબંધિત અરજી, જાતિ પ્રમાણપત્ર સંબંધિત ૧૦ અરજી સહિતની ૧૬૮૯ અરજીનો સ્થળ પર નિકાલ કરવામાં આવ્યો હતો.

રાજય સરકારના સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી અરજદારોના પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ આવી રહ્યું છે. રાજય સરકારના પારદર્શી અભિગમ સુશાસન વ્યવસ્થા અંતર્ગત સેવા સેતુ કાર્યક્રમ દ્વારા નાગરિકોની વિવિધ સમસ્યાઓનું નિવારણ અરજદારોને ત્વરાએ મળી રહે તે માટે પારદર્શી શાસન વ્યવસ્થા કાર્યરત છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૧૦ | ૧૩૯૩ |
| ૨ | મગફળી | ૫૯૪ | ૯૮૧ |
| ૩ | મગફળી ૬૬ | ૧૩૩૦ | ૧૩૩૦ |
| ૪ | ઘઉં | ૫૫૬ | ૫૫૬ |
| ૫ | ચણા | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૬ | તલ | ૨૧૦૦ | ૨૧૦૦ |
| ૭ | ધાણા | ૧૦૬૦ | ૧૧૦૦ |
| ૮ | બાજરો | ૪૫૦ | ૪૫૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૦૦ | ૧૦૧૧ |
| ૨ | શીંગ મોટી | ૯૦૦ | ૧૧૪૧ |
| ૩ | તલ સફેદ | ૨૦૫૦ | ૨૫૫૧ |
| ૪ | તલ કાળા | ૩૨૦૦ | ૩૭૦૧ |
| ૫ | જીરૂ | ૩૯૦૦ | ૪૬૪૦ |
| ૬ | કપાસ | ૧૧૦૦ | ૧૫૮૦ |
| ૭ | ઘઉં લોકવન | ૬૦૦ | ૬૯૧ |
| ૮ | ઘઉં ટુકડા | ૬૨૪ | ૬૮૭ |
| ૯ | બાજરો | ૫૩૨ | ૫૬૮ |
| ૧૦ | જુવાર | ૪૧૧ | – |
| ૧૧ | અડદ | ૧૦૮૦ | ૧૬૫૪ |
| ૧૨ | ચણા | ૧૦૦૦ | ૧૨૮૮ |
| ૧૩ | સોયાબીન | ૬૦૦ | ૭૭૧ |

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલી જીલ્લામાં અતિવૃષ્ટિથી થયેલ**

પાક આજે ત્રણ દિવસ થયા વરસાદ નથી તો આ ઉપાડેલ પલળી ગયેલ પાક બે દિવસમાં થ્રેસર અને હલર ચાલી જાય તો સર્વે કયારે આવેશે અને સમય ગયા પછી ખેતીવાડીમાં જેનો સર્વે કરશે તે પણ વિચારવા જેવી બાબત છે તો વહેલી તકે અમરેલી જીલ્લાને લીલો દુષ્કાળ જાહેર કરવા અંતમાં માંગ કરેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **ધારીનાં મોટી ગરમલી ગામે**

બજાવતા યુવક તા. ૨૩ ના રોજ વ્હેલી સવારના છએક વાગ્યે ચલાલા ગ્રામ્ય વિસ્તારમાં જુદી–જુદી ટીમો બનાવીને વીજ ચેકીગમાં ગયેલ હતા. તે વખતે આશરે પોણા આઠેક વાગ્યે ધારી તાલુકાના મોટી ગરમલી ગામે. સ્વ. રૂડાભાઈ ડાયાભાઈ પરમારના રહેણાંક મકાને ચેકિંગ કરવા જતા ત્યાં આગળ હાજર આરોપી દિલાભાઈ રૂડાભાઈ પરમાર તથા દિલાભાઈની પત્નીએ જુનિયર એન્જિનિયરને જેમ ફાવે તેમ ગાળો આપી કાઠલો પકડીને, આરોપી શૈલેષભાઈ રૂડાભાઈ પરમારે લાફો મારી જુનિયર એન્જિનિયરને ધકકો મારી, રહેણાંક મકાનમાંથી બહાર કાઢી મુકીને, શેરીમાં તેમના સંબંધી તથા બીજા તેઓ તમામના હાથમાં લાકડી, ધોકો તથા કુહાડી જેવા હથિયાર લઈને આવીને ભેગા થઈ જઈને જુનિયર એન્જિનિયરને જેમ ફાવે તેમ ગાળો આપી હવે પછી જો અહીયા રહેણાંક મકાને વીજ ચેકીંગ કરવા આવ્યા તો ટાંટીયા ભાગી નાખીશુ. અને જો અમારી વિરૂધ્ધ ફરજ રૂકાવટની ફરિયાદ કરશો તો તમારા વિરૂધ્ધ એટ્રોસીટીનો કેસ કરીશુ. એવી ધમકી આપી હથિયાર ધારણ કરીને આરોપીઓએ સમાન ઈરાદો પાર પાડવા ગેરકાયદે મંડળી રચી હાથમાં હથિયારો ધારણ કરી, હથિયારબંધીના જાહેરનામાનો ભંગ જુનિયર એન્જિનિયરની કાયેદસરની ફરજમાં રૂકાવટ કર્યાની બાર આરોપી સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૨૭ | ૧૫૮૪ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૩૯૫ | ૯૩૫ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૭૦ | ૧૫૨૫ |
| ૨ | ઘઉં | ૫૦૦ | ૫૫૧ |
| ૩ | બાજરો | ૪૭૫ | ૪૭૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૩૦ | ૬૧૪ |
| ૩ | ઘઉં ટુકડા | ૩૬૫ | ૬૩૦ |
| ૪ | મેથી | ૯૫૬ | ૯૫૬ |
| ૫ | રાજગરો | ૧૦૧૦ | ૧૦૧૦ |
| ૬ | અડદ | ૮૪૦ | ૧૩૦૦ |
| ૭ | ધાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૮ | સોયાબીન | ૫૫૦ | ૭૮૨ |
| ૯ | એરંડી | ૧૧૪૦ | ૧૧૪૦ |
| ૧૦ | મગફળી | ૬૫૧ | ૯૫૦ |
| ૧૧ | શીંગદાણા | ૯૭૦ | ૯૭૦ |
| ૧૨ | તલ સફેદ | ૨૧૫૧ | ૨૪૦૦ |
| ૧૩ | ચણા | ૭૧૦ | ૧૨૫૦ |
| ૧૪ | જીરૂ | ૪૫૪૦ | ૪૫૪૦ |

# અમરેલી : આદર્શ નિવાસી શાળા ખાતે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહ મિલન સમારોહ યોજાશે

અમરેલી, તા. ૨૪

ગુજરાત રાજય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળની વિકસતી જાતિ, કલ્યાણ ખાતા દ્વારા સંચાલિત આદર્શ નિવાસી શાળા (વિ.જા) અમરેલી, કુંકાવાવ રોડ, માંગવાપાળ ખાતે તા. ૨૫/૧૦/૨૦૨૪ને શુક્રવારના રોજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન, પુરસ્કાર વિતરણ, વૃક્ષારોપણ, શાળા ઋણ સ્વીકાર તથા ભોજન સમારંભનું આયોજન કરવામાં આવશે તેમ અમરેલી આદર્શ નિવાસી શાળા (વિ.જા.) ની એક યાદીમાં જણાવ્યુ છે.

પાના ૧ ઉપરનું ચાલું **ચમારડીનાં પાદરમાં**

દિવસે કરવામાં આવશે. ચમારડી ગામની ભાગોળનો ભુગોળ બદલવા માટે સરદાર પ્રેમી ગોપાલ ચમારડી રાત દિવસ એક કરી રહ્યા છે. અહી માત્ર પ્રતિમાઓ સ્થાપિત કરવાની સાથે સાથે રાહદારીઓ માટે અને મુસાફરો માટે સુવિધાયુકત બસ સ્ટેન્ડ પણ બનાવવામાં આવી રહ્યુ છે.

ઉલ્લેખનીય છે કે, સરદાર પ્રેમી ગોપાલભાઈ વસ્તરપરા દ્વારા અત્યાર સુધીમાં લગભગ બે હજારથી વધુ ગામોમાં સરદાર વલ્લભભાઈ પટેલની પૂરા કદની પ્રતિમા નિઃશુલ્ક આપવામાં આવી છે. અનાવરણ પ્રસંગે અમરેલી જિલ્લામાંથી, તમામ ગામોમાંથી નર્મદાના નિર લાવી આ મહાનુભાવોની પ્રતિમાને અભિષેક કરવામાં આવશે. આવનારી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી પ્રસંગે ગુજરાતભરમાંથી રાજકીય સામાજિક અને સંતોની વિશેષ ઉપસ્થિતિ રહેશે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૯૦ | ૧૬૬૫ |
| ૨ | કપાસ કોડી | ૧૦૪૦ | ૧૨૮૦ |
| ૩ | મગફળી નવી | ૯૬૯ | ૧૧૬૧ |
| ૪ | મગ | ૧૩૩૦ | ૧૬૦૦ |
| ૫ | અડદ | ૧૨૧૦ | ૧૬૦૦ |
| ૬ | ઘઉં | ૫૦૪ | ૬૫૬ |
| ૭ | જીરૂ | ૪૦૩૦ | ૪૫૮૦ |
| ૯ | તલ સફેદ | ૧૯૯૦ | ૨૪૧૦ |
| ૧૦ | તલ કાળા | ૩૦૪૦ | ૩૫૬૦ |
| ૧૧ | સોયાબીન | ૭૦૨ | ૮૧૮ |
| ૧૨ | બાજરો | ૪૧૦ | ૪૪૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૫૮૭ | ૮૨૯ |
| ૨ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૪૪૨ |
| ૩ | કપાસ | ૧૦૫૦ | ૧૬૦૧ |
| ૪ | બાજરો | ૪૫૦ | ૫૫૩ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૭૦ |
| ૬ | જુવાર | ૪૬૦ | ૮૨૫ |
| ૭ | અડદ | ૧૦૦૧ | ૧૪૦૦ |
| ૮ | ચણા | ૧૪૫૧ | ૧૪૫૧ |
| ૯ | જીરૂ | ૩૫૦૦ | ૩૫૦૦ |
| ૧૦ | શીંગદાણા | ૯૭૧ | ૯૭૧ |
| ૧૧ | સોયાબીન | ૬૨૫ | ૮૨૦ |

# ચલાલા : ગાયત્રી પરિવાર દ્વારા જરૂરિયાતમંદ બાળકો અને દીકરીઓને કપડા વિતરણ કરાયું



યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ–ચલાલા ખાતે પુ. ડો. રતિદાદા દ્વારા જરૂરિયાતમંદ બાળકો અને દીકરીઓને કપડા વિતરણ કરાયું. માનવસેવા અને લોકસેવાના કલ્યાણકારી કાર્યોની અવિરત ધારા વહેવડાવતી ભાગીરથી રૂપી સંસ્થા ચલાલા અને આજુબાજુના વિસ્તારમાં માટે આશીર્વાદરૂપ એવા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા જરૂરિયાતમંદ બાળકો અને દીકરીઓને કપડા વિતરણ કરવામાં આવ્યા હતા. પુ. ડો. રતિદાદાએ જણાવ્યું હતું કે આવા સેવાકાર્યમાં દાતાઓને સહયોગ ખુબ અગત્યનો છે. વિનુભાઈ કાછડીયા તથા બાબુભાઈ કાછડિયા–અમદાવાદ (ચલાલા) તરફથી સહયોગ પ્રાપ્ત થયો હતો. સેવાકીય કાર્યથી બધા બાળકો અને દીકરીઓ ખુબ જ ખુશ થયા હતા અને અંતરના આશીર્વાદ આપ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા ભારત ભૂષણ મહેશભાઈ મહેતા, મંજુબા, શીતલબેન મહેતાએ જહેમત ઉઠાવી હતી.

## નવનિયુક્ત ચેરમેન હસુભાઈ પોપટનાં અધ્યક્ષ સ્થાને

# બાબરા : નાગરિક બેંકનાં બોર્ડ ઓફ ડિરેક્ટરની બેઠક મળી

### મોર્ગેજ લોન, સોના ધિરાણ, ફીક્સ ડીપોઝીટ અને સીનિયર સિટીઝન માટે મહત્વનાં નિર્ણયો થયા

### નાના વેપારીઓ તેમજ તમામવર્ગને ધંધા રોજગાર માટે બેંક ઉપયોગી બને તે માટે કાર્ય કરવાનો નિર્ણય

### નાગરિક બેંકનાં સ્થાપક ભગુભાઈ ખખરે સેવેલ સ્વપ્ન પુર્ણ કરવાનો નિર્ધાર

### વાર્ષિક વ્યાજ દર ૧૨ ટકાથી ઘટાડીને ૧૧ ટકા કરવાનો નિર્ણય થયો

બાબરા, ૨૪

બાબરા શહેરની અતિ મહત્વની નાગરિક સહકારી બેન્કની સામન્ય ચૂંટણી પૂર્ણ થયા બાદ ચેરમેનની વરણી બાદ પ્રથમવાર નાગરિક બેંકમાં ચેરમેન હસુભાઈ પોપટના અધયક્ષ સ્થાને બોર્ડ ઓફ ડિરેકટરની બેઠક મળી હતી જેમાં બેંકના તમામ ડિરેકટર ઉપસ્થિત રહ્યા હતા. નાગરિક બેંકના ચેરમેન હસુભાઈ પોપટના અધ્યક્ષ સ્થાને મળેલ બોર્ડ ઓફ ડિરેકટરની બેઠકમમાં બેન્ક તેમજ સભાસદોના હિત માટે મહત્વપૂર્ણ નિર્ણયો કરવામાં આવતા સભાસદોમાં ખુશીની લાગણી પ્રસરી ગઈ છે બેંકના ઈતિહાસમાં પ્રથમવાર આવા પ્રકારના નિર્ણયો કરવામાં આવતા બોર્ડ અને સભાસદોએ આવકાર્યા હતા. નાગરિક સહકારી બેંકના ચેરમેન હસુભાઈ પોપટે જણાવ્યું હતું કે શહેરની નાગરિક બેન્કએ અતિ મહત્વની સહકારી સંસ્થા છે અને તેના વિકાસ માટે અને સભાસદોના હિત માટે બોર્ડ ડિરેકટર તમામ યોગ્ય નિર્ણયો લેવામાં કચાસ રાખ છે નહીં આજે મળેલ બોર્ડ ઓફ ડિરેકટરની બેઠકમાં મહત્વમાં નિર્ણયો લેવામાં આવ્યા છે જેમાં પ્રથમ તો લોન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે જેમાં બેંકમાં અત્યાર સુધી મોર્ગેઝ લોન પાંચ વરસની મર્યાદા આપવામાં આવતી હતી જે દસ વરસની કરવામાં આવી છે જેથી ઓછી આવક વાળા હપ્તો નાનો થતા ઓછી આવક વાળા વેપારીઓ લોન મેળવીને ધંધા



રોજગાર કરી શકે.. તેમજ એક ટકા નો વ્યાજદર ઘટાડી ૧૧% ટકા કરવામાં આવ્યો છે જેથી સભાસદો પર વ્યાજનો બોજ ઘટતા માસિક હપ્તાની રકમ ઓછી થઈ જાય. સોના ધિરાણ મેળવનાર ગ્રાહક કે સભાસદ વાર્ષિક વ્યાજનો સીધો એક ટકો ઘટાડવા આવ્યો છે વ્યાજ દર ૯% થી ૧૧% સુધીની મર્યાદામાં રાખવામાં આવેલ છે જેથી બેંકમાંથી સોના ધિરાણ મેળવનાર સભાસદ કે બિન સભાસદ ઉપર વ્યાજનો બોજ ઘટશે આ સિવાય જે સભાસદોને કેવાયસી અપડેટ કરવાના બાકી છે અથવા બેંકમાં જમાં કરાવવા ના બાકી છે તેવા સભાસદોએ ૩૦ દિવસમાં જમા કરાવી વારસદારની નિમણૂક જવાની જાહેર સૂચનાઓ આપેલ છે જે સભાસદોના કે વાયસી ડોકયુમેન્ટ જમા થયેલ નહિ હોય તેવા સભાસદોના શેર જપ્ત કરી શેર ભંડોળ માં રકમ જમા લેવા માટેની કાર્યવાહી બેન્ક દ્વારા કરવામાં આવશે. બેંકના ચેરમેન હસુભાઈ પોપટે વધુમાં જણાવ્યું હતું કે બેન્ક માટે થાપણદારો અતિ મહત્વનાં છે તેઓની થાપણ બેન્કમાં સુરક્ષિત રહે અને સુનિશ્ચિત વ્યાજ મળે તે માટે પણ યોગ્ય નિર્ણય કરવામાં આવ્યો છે જેમાં રૂા. ૫ લાખ સુધીની મર્યાદામાં મુકવામાં આવેલ થાપણને વીમા કવચ આપવામાં આવેલ છે જેનું પ્રીમિયમ દ્વારા ડિપોઝીટ ઈન્શ્યોરન્સ ક્રેડિટ ગેરેન્ટી કોર્પોરેશન મુંબઈમાં સમય મર્યાદામાં ભરવામાં આવી રહ્યું છે. આ સિવાય ફિક્સ ડિપોઝીટ વ્યાજ દરમાં વધારો કરી વાર્ષિક ૭% સુધી કરવામાં આવેલ છે તેમજ સિનિયર સીટીઝનને ૭.૫૦% સુધી થાપણ ઉપર વ્યાજ આપવાનું બોર્ડ ઓફ ડિરેકટરમાં નક્કી કરવામાં આવ્યું છે આ રીતે બેંકના લોનેબલ ફંડમાં વધારો થશે અને થાપણ દારોને તેઓની થાપણ ઉપર વધારે વ્યાજ આવક થશે. આમ બોર્ડ ડિરેકટરની સહમતીથી બેન્ક અને સભાસદોના કાયમી હિત માટે યોગ્ય નિર્ણય લેવામાં આવ્યા હોવાનું અંતમાં ચેરમેન હસુભાઈ પોપટે જણાવ્યું હતું.

### ઘન જીવામૃત બનાવવા તથા વિતરણ માટેની માળખાકિય સુવિધાના નિર્માણ માટે રૂા. ૧.૨૦ લાખ સુધીની સહાય

## ગૌ શાળા, પાંજરાપોળ, સહકારી સંસ્થાઓ, સખીમંડળ અને ખેડૂત ગ્રુપને જરૂરી માળખાકિય સુવિધા આપવા માટે સહાય યોજના અમલી

અમરેલી, તા.૨૪

રાજયમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન મળે, ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે માર્ગદર્શન, સહાય મળી રહે તે ઉદ્દેશ્ય સાથે રાજય સરકાર સતત કાર્યરત છે. ગુજરાત રાજય સરકાર દ્વારા ગૌ શાળા, પાંજરાપોળ, સહકારી સંસ્થાઓ, સખીમંડળ અને ખેડૂત ગ્રુપ દ્વારા પ્રાકૃતિક કૃષિ માટે જઢરી જીવામૃત, ઘન જીવામૃત, બીજામૃત વગેરે બનાવી ખેડૂતોને વિતરણ કરવા જઢરી માળખાકિય સુવિધા માટે સંસ્થાઓ-ગ્રુપને પ્રોત્સાહન આપવા સહાય યોજના અમલી છે.

પાકૃતિક કૃષિ પદ્ધતિમાં જઢરી જીવામૃત-ઘન જીવામૃત, બીજામૃત, પાક સંરક્ષણ શસ્ત્રો વગેરે બનાવવા માટે દેશી ગાય એ પાયાની જરૂરિયાત છે. દેશી ગાય ન રાખી શકતા હોય કે દેશી ગાય ન હોય ત્યારે અસરકારક રીતે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ મુજબ ખેતી થઈ શક્તિ નથી. આવું ન બને તે માટે રાજય સરકાર દ્વારા સહાય ચૂકવવામાં આવે છે. પ્રાકૃતિક કૃષિ માટે જીવામૃત ઘન જીવામૃત બનાવવા તથા વિતરણ માટે માળખાકીય સુવિધાના નિર્માણ માટે યોજના અન્વયેની જરૂરી વિગતો મુજબ, સખી મંડળો અથવા ખેડૂત ગ્રુપને ૫૦ ટકા સુધીની સહાય રૂ.૬૦,૦૦૦ની મર્યાદામાં મળવાપાત્ર થશે. જેમાં જીવામૃત બનાવવા માટે એચડીપીઈ ટાંકી ૫,૦૦૦ લિટરની ક્ષમતાની બનાવવાની રહેશે. ઘન જીવામૃત બનાવવા માટે પાકું મજબૂત ૨૦૦ ચોરસ ફુટનું ભોંયતળિયું બનાવવાનું રહેશે. ઉપરાંત પ્લાસ્ટિકના ૨૦ લીટરના ૨૦ કેરબા, ૫ નંગ ડોલ ટોકર અને ૧ નંગ સ્ટરર વગેરે માળખાકીય સુવિધાઓને સાંકળી લેવાની રહેશે.

ગૌ શાળા, પાંજરાપોળ, સહકારી સંસ્થાઓ કે એફપીઓએ પ્રાકૃતિક કૃષિ માટે જીવામૃત-ઘન જીવામૃત બનાવવા તથા વિતરણ માટે માળખાકીય સુવિધા માટે ૧૦,૦૦૦ લિટરની ક્ષમતા વાળી ટાંકી, ૪૦૦ ચોરસ ફૂટનું પાંકુ ભોંયતળિયું વગેરે માળખાકીય સુવિધાઓનું નિર્માણ કરવું. આ માટે ૫૦ ટકા અથવા ઢ. ૧.૨૦ લાખની મર્યાદામાં સહાય મળવાપાત્ર થશે. વધુ જાણકારી માટે પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્મા પ્રોજેકટની કચેરી, ખેડૂત તાલીમ કેન્દ્ર, ચક્કરગઢ રોડ, અમરેલીનો સંપર્ક કરવો.

ગુજરાત રાજયમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિનો વ્યાપ વધે તે માટે રાજયના ખેડૂતોને જરૂરી માર્ગદર્શન અને પ્રોત્સાહન મળે તે માટે રાજય સરકાર પ્રયત્નશીલ છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિના પ્રાથમિક તબક્કે પ્રોત્સાહક પરિણામો જોતા રાજયના અનેક ખેડૂતો પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવતા થયા છે.

### મંદિરે જતાં પહેલા જાણી લો સમય

## દિવાળીના તહેવારોમાં દ્વારકાધીશના દર્શનના સમયમાં થયેલો ફેરફાર

દેવભૂમિ દ્વારકા, તા. ૨૪

યાત્રાધામ દેવભૂમિ દ્વારકામાં દર વર્ષે હજારો યાત્રિકો જગત મંદિર દ્વારકાધીશના દર્શને આવતા હોય છે, ત્યારે દિવાળીના તહેવારને અનુલક્ષીને દ્વારકાના જગત મંદિરમાં દર્શનના સમયમાં કેટલાક ફેરફારો કરવામાં આવ્યા છે. દ્વારકાધીશ મંદિરમાં ૩૦મી ઑક્ટોબરથી ત્રીજી નવેમ્બર સુધી દિવાળીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે. આ દરમિયાનના દર્શનના સમયમાં ફેરફાર કરાયો છે.

● બુધવારે (૩૦મી ઑક્ટોબર) ધનતેરસના દિવસે સવારે ૬:૩૦ વાગ્યે મંગળા આરતી થશે. જ્યારે બપોરે ૦૧:૦૦થી ૦૫:૦૦ સુધી મંદિર બંધ રહેશે. ઉત્થાપન દર્શન સાંજે ૦૫:૦૦થી રાત્રે ૦૯:૪૫ વાગ્યા સુધી મંદિર ખુલ્લું રહેશે.

● ગુરૂવારે (૩૧મી ઑક્ટેબર) રૂપ ચૌદસ અને દિવાળીના દિવસે સવારે ૫:૩૦ કલાકે મંગલા આરતી અને ૧:૦૦ અનુસાર બંધ થશે. ઉત્થાપન દર્શન સાંજે ૦૫:૦૦ ખુલશે. હાટડી દર્શન સાંજે ૦૮:૦૦ વાગ્યે અને રાત્રે ૦૯:૪૫ વાગ્યા સુધી મંદિર ખુલ્લું રહેશે.

● શુક્રવાર (પહેલી નવેમ્બર) અન્નકુટ ઉત્સવના દિવસે સવારે ૬:૩૦ વાગ્યે મંગળા આરતી થશે. જ્યારે બપોરે ૦૧:૦૦થી ૦૫:૦૦ સુધી મંદિર બંધ રહેશે. અન્નકુટ દર્શન ૫:૦૦થી ૦૭:૦૦ વાગ્યા સુધી અને રાત્રે ૦૯:૪૫ વાગ્યા સુધી મંદિર ખુલ્લું રહેશે.

● શનિવાર (બીજી નવેમ્બર) નૂતન વર્ષના દિવસે સવારે ૬:૩૦ વાગ્યે મંગળા આરતી થશે. જ્યારે બપોરે ૦૧:૦૦થી ૦૫:૦૦ સુધી મંદિર બંધ રહેશે. ઉત્થાપન દર્શન સાંજે ૦૫:૦૦થી રાત્રે ૦૯:૪૫ વાગ્યા સુધી મંદિર ખુલ્લું રહેશે.

● રવિવાર (ત્રીજી નવેમ્બર) ભાઈ બીજ ઉત્સવના દિવસે સવારે ૬:૩૦ વાગ્યે મંગળા આરતી થશે. જ્યારે બપોરે ૦૧:૦૦થી ૦૫:૦૦ સુધી મંદિર બંધ રહેશે. ઉત્થાપન દર્શન સાંજે ૦૫:૦૦થી રાત્રે ૦૯:૪૫ વાગ્યા સુધી મંદિર ખુલ્લું રહેશે.

## સર્વશ્રેષ્ઠ દૂધ એટલે દેશી ગાયનું દૂધ જો ગાય બચશે તો જ આપણે બચીશું



અમરેલી, તા. ૨૪

સનાતન હિન્દુ ધર્મનાં અનેક સંપ્રદાયોનો પ્રાણી માત્રની રક્ષા અને કલ્યાણનો ગૌરવશાળી વારસો ભારતમાં જોવા મળે છે. પ્રાણી માત્ર પરમેરની પ્રતિકૃતિ છે. તેમાંય ગૌમાતા સૌથી વધુ પૂજનીય આત્મા છે. ગાય વિમાતા છે. સર્વ સુખપ્રદાયીની છે. ગૌ રક્ષા એ આપણો રાષ્ટ્ર ધર્મ છે. ગૌ સેવા આપણા જીવનમાં વણાયેલી છે. ગૌ સંસ્કૃતિ આપણા રાષ્ટ્રની આધારશીલા છે એટલે જ તો, ભારતવર્ષ ગૌ, ગંગા, ગીતા, ગાયત્રી અને ગોવિંદની સંસ્કૃતિનાં દેશ તરીકે પ્રખ્યાત છે. પ્રાચીન કાળથી ગાયનો મહિમા અપરંપાર છે. એવું કહેવાતું હતું કે ભારત દેશમાં ગાયના દુધની નદીઓ વહેતી હતી. ગાયનું દુધ અણમોલ તો હોય જ છે પણ તેમાં પણ દેશી ગાયનું દૂધ સર્વશ્રેષ્ઠ છે, પણ કહેવાતા આધુનિકરણને કારણે સાત્વિકતા ઘટતી જાય છે ને ગાયોની ઉપેક્ષા વધતી જાય છે. વેદપુરાણોમાં ગાયને કામધેનું કહેવાય છે, કેમ કે તે મરે ત્યાં સુધી દૂધ આપતી રહે છે. દેશી ગાયનાં દૂધનાં અનેક ફાયદાઓ છે જેનો આધાર પણ વૈજ્ઞાનિક છે. દેશી ગાયનું દૂધ ભેંસનાં દૂધ કરતા વધારે સુપાચ્ય હોય છે. દેશી ગાયનું દૂધ એ કફ, પિત્ત અને વાયુનો સમનવ્ય કરે છે જયારે ભેંસનું દૂધ કફમાં વધારો કરે છે. દેશી ગાયનું દૂધ પીવાથી કુશાગ્ર બુદ્ધિ વિકસે છે જેથી યાદશક્તિ વધે છે જયારે ભેંસનું દૂધ બુદ્ધિને મંદ બનાવે છે અને વધારે ઊંઘ લાવવા માટે જવાબદાર બને છે. દેશી ગાયનાં દૂધમાં તમામ પ્રકારનાં વિટામિન્સ હોય છે ખાસ કરીને વિટામીન-ઈ વધારે માત્રામાં હોય છે જે દ્રષ્ટિને સાફ કરે છે અને હદયને સ્વસ્થ બનાવે છે. ભેંસનાં દુધમાં કોલેસ્ટ્રોલ હોય છે જે રક્ત વાહિનીઓમાં અવરોધ ઉત્પન્ન કરે છે, જેમાં હદયાઘાતની સંભાવના રહેલી છે. દેશી ગાયનાં દુધમાં સુર્વણ ક્ષાર હોય છે જેની વૈજ્ઞાનિકોએ પણ સાબિતી આપી છે. આ સુર્વણ ક્ષાર સત્વગુણ ધરાવે છે. ગાય પોતાના બાળકો પ્રત્યેનો પ્રેમ અને વાત્સલ્ય જોઈને દૂધ આપે છે જયારે ભેંસ ખોરાક જોઈને દૂધ આપે છે. આ તમામ કારણોસર દેશી ગાયનું દૂધ એ ભેંસનાં દુધથી ચડીયાતું છે. સર્વશ્રેષ્ઠ દૂધ એટલે દેશી ગાયનું દૂધ જો ગાય બચશે તો જ આપણે બચીશું.

**મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨૨૧૯૯૯)**

### વડોદરા હરણીકાંડ બાદ નવી ગાઈડલાઈન જાહેર કરી

## રાજ્ય શિક્ષણ વિભાગની શાળા પ્રવાસને લઈ નવી ગાઈડલાઈન

### શાળામાંથી બાળકોને પ્રવાસ લઈ જવા માટે નવી ગાઈડલાઈનનું પાલન કરવું હવે જરૂરી બનશે

ગાંધીનગર, તા.૨૪

ગુજરાતના વડોદરામાં શાળા તરફથી પ્રવાસ લઈ ગયેલાં અનેક બાળકો હરણી બોટકાંડમાં મોતને ભેટ્યાં હતાં. જેને લઈને સરકાર દ્વારા તમામ શાળાઓને બાળકોને પ્રવાસ લઈ જવાની મંજૂરી આપવાની બંધ કરી દીધી હતી. આ સાથે આદેશ કરવામાં આવ્યો હતો કે, નવી ગાઈડલાઈન ન આવે ત્યાં સુધી કોઈપણ શાળાએ પ્રવાસનું આયોજન કરવું નહીં.

જોકે, હવે દિવાળીનું વેકેશન શરૂ થવા જઈ રહ્યું છે અને દિવાળી બાદ શાળામાં બાળકોને સર્વાંગી શિક્ષણના ભાગરૂપે પ્રવાસ યોજાતો હોય છે. ત્યારે શિક્ષણ વિભાગને પ્રવાસ માટે અનેક શાળામાંથી મંજૂરી માટેની અરજી કરવામાં આવી હતી. જેને ધ્યાને લઈ શિક્ષણ વિભાગે એક ગાઈડલાઈન બનાવી રાજય સરકારને મોકલી હતી. જેમાં જરૂરી સુધારા-વધારા કરી મંજૂરી આપવામાં આવી છે. હવે શાળામાંથી બાળકોને પ્રવાસ લઈ જવા માટે જાહેર કરવામાં આવેલી આ નવી ગાઈડલાઈનનું પાલન કરવાનું રહેશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં શાળામાં બાળકોને પ્રવાસ લઈ જવા માટેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો છે. જે મુજબ રાજયની તમામ સરકારી/ અનુદાનિત/ખાનગી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ દ્વારા શૈક્ષણિક પ્રવાસના આયોજનમાં આગ, અકસ્માત કે અન્ય અનિચ્છનીય બનાવ કે દુર્ઘટના ન બને તેમજ ભાગ લેનાર તમામ વિદ્યાર્ધથીઓ/શિક્ષકોની સંપૂર્ણ સલામતી તેમજ સુરક્ષા જળવાઈ તેમ માટે જાહેર કરવામાં આવેલી ગાઈડલાઈનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

શૈક્ષણિક પ્રવાસના આયોજન માટે

શાળાના આચાર્યની અધ્યક્ષતામાં વિદ્યાર્થીઓના વાલી પ્રતિનિધિ સહિતની સમિતિની રચના કરી તથા સ્થળ સંબંધિત રૂટ, જોખમો, પ્રવાસના લાભાલાભ વગેરે વિસ્તૃત ચર્ચા કરવાની રહેશે. જો શાળાનો પ્રવાસ રાજયના અંદરનો પ્રવાસ હોય તો સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારી/ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/ શાસનાધિકારીની મંજૂરી લેવાની રહેશે.

જો શાળાનો પ્રવાસ રાજયની બહારનો હોય તો કમિશનર/ નિયામક શાળાઓની કચેરી, ગાંધીનગર અને નિયામક પ્રાથમિક શિક્ષણની કચેરીની મંજૂરી લેવાની રહેશે. જો શાળાનો પ્રવાસ વિદેશનો હોય તો શિક્ષણ વિભાગ, સચિવાલય પાસેથી મંજૂરી લેવાની રહેશે.

પ્રવાસનું વાહન નક્કી કરતી વખતે સંબંધિત પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી દ્વારા આપેલી પરમીટ મુજબની સંખ્યા પ્રમાણે જ આયોજન કરવાનું રહેશે.

પ્રવાસમાં ઉપયોગમાં લેવાતા વાહન વાહનમાં ?જી ટ્રેકિંગ સિસ્ટમ હોવી જોઈએ, તેમજ વાહનમાં ઈ.? દ્વારા ઈશ્યુ કરવામાં આવેલા રજિસ્ટ્રેશન કાર્ડ, પરમીટ, ડ્રાઈવરનું માન્ય લાઈસન્સ, વીમો વગેરેની નકલની અગાઉથી ચકાસણી કરાવવાની રહેશે. આ સાથે જ વાહનમાં ફાયર સેફ્ટીના સાધન પૂરતા પ્રમાણમાં હોવા જોઈએ. તેમજ સ્ટાફને પ્રવાસ પહેલાં ફાયર સેફ્ટીના સાધનના ઉપયોગની તાલીમ આપવાની રહેશે. નોંધનીય છે કે, શાળાએ પ્રવાસ શરૂ થવાના ૧૫ દિવસ પહેલાં જે-તે વિભાગને અને ગાંધીનગરને સાધનિક તમામ વિગત સાથે જાણ કરવાની રહેશે. તેમજ સમગ્ર પ્રવાસના Day to Day કાર્યક્રમની જાણ કરવાની રહેશે. આ સિવાય શાળાએ જવાબદાર અનુભવી વ્યક્તિની પ્રવાસના 'કન્વીનર' તરીકે નિમણૂંક કરવાની રહેશે. આ સિવાય શાળાએ દર ૧૫ વિદ્યાર્થી દીઠ એક શિક્ષક પ્રવાસમાં જોડાય તેવું આયોજન કરવાનું રહેશે. તેમજ વિદ્યાર્થીઓએ પ્રવાસ દરમિયાન શું કરવું અને શું ન કરવું સમજાવા માટે ગોષ્ઠી બેઠક કરવાની રહેશે.

# શ્રી સોમનાથ મંદિરમાં 3D-લાઈટ એન્ડ સાઉન્ડ શો-23 ઓક્ટોબરથી યાત્રિકો માટે શરૂ થશે







શ્રી સોમનાથ મહાદેવના દર્શને આવતા દેશ વિદેશના યાત્રીઓ સમક્ષ શ્રી સોમનાથ તીર્થના ગૌરવને ઉજાગર કરતો 3D લાઈટ એન્ડ સાઉન્ડ શો ચોમાસાના વિરામ બાદ પુન: યાત્રીઓ માટે શરૂ કરવામાં આવી રહ્યો છે. આવનાર ભક્તો શ્રી સોમનાથ તીર્થના ઈતિહાસથી માહિતગાર થાય, કઈ રીતે ચંદ્રદેવના તપથી ભગવાન સોમનાથ આ ભૂમિ પર પધાર્યા, કઈ રીતે ભગવાન શ્રી કૃષ્ણએ પોતાની અંતિમ લીલા દર્શાવી નિજધામ ગમન કર્યુ. કઈ રીતે આ તીર્થ પ્રભાસ કેહવાયું. શું છે ધાર્મિક કથા? આ તમામ બાબતોને આધુનિક 3D ટેકનોલોજીના ઉપયોગથી આવનાર યાત્રિકો માહિતગાર થાય તે માટે લાઈટ એન્ડ સાઉન્ડ શોનું નિર્માણ કરવામાં આવ્યું છે. જે શો આવનાર યાત્રીઓમાં પ્રસિદ્ધ છે. આ શો ચોમાસા દરમિયાન પ્રતિવર્ષ બંધ રહેતો હોય છે. પણ દિપાવલી પુર્વે પુનઃ આ શો યાત્રીઓ માટે શરૂ કરવામાં આવતો હોય છે. ચોમાસાની સીઝન પૂર્ણ થતા શ્રી સોમનાથ મંદિર ખાતે તા.૨૫ ઓકટોબર થી લાઈટ એન્ડ સાઉન્ડ શો પ્રારંભ થશે.. શો નો સમય સાયં આરતી બાદ સાંજે ૭:૪૫ વાગ્યાનો રહેશે. શનિવાર તથા રવિવાર તહેવારોના દિવસોમાં યાત્રી પ્રવાહને ધ્યાને લઈ બે શો યોજવામાં આવશે. જેની સર્વે યાત્રીઓએ નોંધ લેવી. શો ની ટિકિટ મંદિર પરિસરના બહાર ડિજિટલ કેશલેસ કાઉન્ટર પર સાંજે ૬:૦૦ વાગ્યાથી તેમજ મંદિર પરિસરમાં સાહિત્ય કાઉન્ટર નજીક અલાયદા ટિકિટ કાઉન્ટર પરથી સાંજે ૬:૩૦ વાગ્યાથી મળશે.

## ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર મુક્ત શાસન આપવાને બદલે

# અમરેલી જિલ્લામાં ભય વગર ભ્રષ્ટાચાર કરીને ભૂખ મિટાવવાનો પ્રયાસ ?

**પાલિકાની મોકુફ રહેલી સામાન્ય સભામાં સંભવિત બળવાને રોકવા ૧૫-૧૫ હજાર રોકડા નગરસેવકોને મોકલી દીધાનો આક્ષેપ**

**ભાજપનાં શાસનમાં સરકારી કચેરીઓ, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ભ્રષ્ટાચાર સોળેકળાએ ખિલી ઉઠયો**

**કોંગ્રેસનાં ભ્રષ્ટાચારથી કંટાળીને જનતાએ ભાજપને શાસન સોંપ્યુ તો ત્યાં વધારે ગંભીર પરિસ્થિતિ**

**અમરેલી જિલ્લામાં સત્તાપક્ષનાં અનેક આગેવાનો અને કાર્યકર્તાને જબ્બરી મલાઈ મળતાં કરોડપતિ બની ગયા**

અમરેલી, તા.૨૪

અમરેલી જિલ્લામાં લગભગ તમામ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓથીલઈનેરાજયઅનેસમગ્રદેશ લેવલે ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર મુકત શાસનઆપવાનુંવચનઆપીનેસત્તારૂઢ થયેલ ભાજપનાં શાસનમાં અમરેલી જિલ્લામાં ભય વગર ભ્રષ્ટાચાર કરીને ભૂખભાંગવાનોપ્રયાસથઈરહ્યોછેઅને આવીરીતેભ્રષ્ટાચારકરીનેસત્તાપક્ષનાં અનેક આગેવનો અને કાર્યકર્તાઓ રોડપતિમાંથી કરોડપતિ બની ગયા હોવાનુંજોવામળીરહ્યુંછે.

જિલ્લાની અનેક ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો, જિલ્લા પંચાયત, પાલિકાઓ સહિત માર્ગ-મકાન, સિંચાઈ, પાણી-પુરવઠા, વાસ્મો, ગૃહ વિભાગ, આરટીઓ, પીજીવીસીએલ, એસ.ટી., મહેસુલ સહિતનાં સરકારી વિભાગોમાં અમુક અધિકારીઓકેકર્મચારીઓનેબાદકરતાં મોટાભાગનાં અધિકારીઓ અને કર્મચારીઓ નાણાકીય ગોલમાલ, કમિશનબાજી કેતોડબાજી કરતાંહોવાની ફરિયાદ જનતામાંથીઉભીથઈ રહીછે.

કોંગ્રેસનાં ભ્રષ્ટાચારયુકત શાસનથી કંટાળીને જનતાએ ભાજપને ખોબલે-ખોબલેમતઆપીનેપંચાયતથી લઈને પાર્લામેન્ટ સુધીનું શાસન સોંપેલ અને બદલામાં જનતાને ભ્રષ્ટાચારરૂપી બલ્લાનો સામનો કરવાનાં દિવસો યાદ આવ્યા.

દરમિયાનમાં અમરેલી પાલિકામાંઆવતીકાલશુક્રવારેસામાન્ય સભાનીબેઠકમળવાનીહતી. પરંતુતેમાં સત્તા પક્ષ ભાજપનાં અનેક નગરસેવકો નારાજ હોય તેઓ કોઈ નવા-જુની કરવાનાં મિજાજમાં હતા એટલા માટે સામાન્યસભા મોકુફ રાખવામાંઆવતાં ભારે આશ્ચર્ય ફેલાયું છે.

દરમિયાનમાં જિલ્લા ભાજપનાં પૂર્વ પ્રમુખ ડો. કાનાબારે સોશ્યલ મીડિયામાં ટિપ્પણી કરતાં

અનુસંધાન પાના ૬ ઉપર

## જિલ્લામાં દારૂનાં વેચાણ-સેવનમાં વધારો

# સાવરકુંડલાનાં ધજડી ગામેથી વિદેશી દારૂની ૧૪૫ બોટલ સાથે ૨ ઈસમોની અટકાયત

**પોલીસે રૂપિયા ૧.૫૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો**

અમરેલી, તા. ૨૪

સાવરકુંડલાતાલુકાનાધજડી ગામેરહેતાસાગરચતુરભાઈસરૈયાતથા કપીલ ચતુરભાઈ સરૈયા નામના બન્ને આરોપીએ પોતાના કબ્જામાં ધજડી ગામે ભારતીય બનાવટના પરપ્રાંતના ઈંગ્લીશ દારૂની અલગ- અલગ બ્રાન્ડની ૭૫૦ એમ.એલ.નીબોટલનંગ-૧૪૫કિંમતરૂા. ૬૬,૭૫૫તથાફોરવ્હીલગાડીકિંમતરૂા. ૯૦,૦૦૦મળીકુલરૂા. ૧,૫૬,૭૫૫ના મુદ્દામાલસાથેપોલીસેઝડપીલઈધોરણસર કાર્યવાહીહાથધરીહતી.

## એક તો વીજચોરી અને ઉપરથી ધાકધમકી

# ધારીનાં મોટી ગરમલી ગામે વીજ ચેકિંગ કરવા ગયેલ વીજ અધિકારી પર હુમલો

**વીજ અધિકારીએ ફરજમાં રૂકાવટની ફરિયાદ કરી**

અમરેલી, તા. ૨૪

ચલાલાના મહાદેવપરા વિસ્તારમાં રહેતા પ્રતિકભાઈ ઈસુનાથ રાઠવા નામના પી.જી.વી.સી.એલ.માં જુનિયર એન્જિનિયર તરીકે ફરજ

અનુસંધાન પાના ૬ ઉપર

















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)